સત્યમેવજયતિ.

મહારાજાશ્રી તખ્તસિંહજી

અક્ષયકાર્યમાળા.

પ્રથમ ભાગ. [redacted]

બનાવનાર
ઓઝા ગીરજાશંકર માધવજી,
કું. જા. લા. નો લાઈબ્રેરીયન.

પ્રથમાવૃતી પ્રત ૫૦૦.
સંવત ૧૯૪૯ ના શ્રાવણ વદ ૮ સુમવાર.

અમદાવાદ.
યુનાઈટેડ પ્રીં. એ. જ. એ. કં. લીમીટેડના પ્રેસમાં
રણછોડલાલ ગંગારામે મુદ્રાંકિત કર્યું.
સને ૧૮૯૩.

કિંમત અમુલ્ય.

સત્યમેવજયતિ.

મહારાજાશ્રી તખ્તસિંહજી

અધ્યયકાર્યમાળા.

પ્રથમ ભાગ.

બનાવનાર

ઓઝા ગીરજાશંકર માધવજી,

કું. જા. લા. નો લાઈબ્રેરીયન.

પ્રથમાવૃત્તી પ્રત ૫૦૦.

સંવત ૧૯૪૯ ના શ્રાવણ વદ ૮ સુર્યવાર.

અમદાવાદ.

યુનાઈટેડ પ્રી. એ. જ. એ. કં. લીમીટેડના પ્રેસમાં

રણછોડલાલ ગંગારામે મુદ્રાંકિત કર્યું.

સને ૧૮૯૩.

કિંમત અમુલ્ય.

અર્પણ પત્રિકા.

સૌ જન્ય સુધા સાગર વિદ્યાવર્ધક શીરોમ-
ણી કવિ કાવ્યરસ ગ્નાતા ક્ષત્રિ ધર્મ
ગુણાનવયી ગૌબ્રાહ્મણ પ્રતિ-
પાળક અખંડ પ્રૌઢપ્રતાપ
ભુપતો હરીસિંહ
ભાઈ જેસા-
ભાઇને
આ
પુસ્તક
અત્યા દરથી
પ્રેમપુર્વક મોહીત
થઈ, તેમજ તેઓના
દયાળું અને સજજન
સ્વભાવને આધિન થઈ
હુ પોતાને કૃત કૃત્ય માની ન-
મ્રતાપુર્વક તેઓ સાહેબના કોમળ
કરાબ્જમાં આ લઘુ ગ્રંથ અર્પણ કરૂં છઉં.

હું છું આપનો ઉપકારી,

ગીરજાશંકર માધવજી ઓઝા.

ભૂપતિ હરીસિંહ જેસાભાઈની

પવિત્ર શેવામાં.

અર્પણ પત્રિકા.

શાર્દુલવિક્રીડિત્.

છો ભૂપાળ કૃપાળ, દીનજનના કષ્ટો સદા કાપવા;
આપોછો અતિ ઉગ્ર દાન, ધનનું વિદ્યાનિ વૃદ્ધી થવા;
રાખો ભાવ સદા સુ અંતર, વિશે ગ્રંથોનું ગ્રંથન્થવા;
ઈત્યાદી ગુણ દેખિ મોહ્યું, મન આ સુંદર્કથા સ્મર્પવા. ૧

મનહર છંદ.

દિલ દરિયાવ દેખ્યુ, ભૂપ હરિસીંહભાઈ;
વિદ્યાના વિનોદિ આપ, જાણીને અંતરમાં.
આપનો અથાગ પ્રેમ, મહારાજા પ્રત્યે જાણી;
શાણિ વાણી મધ્ય ગુંથુ નામ હું આ ગ્રંથમાં.
કવિ અને કોવિદની, કદર પીછાણો સદા;
કાવ્ય તણો રસ સારો, ધારો ખુબ ધ્યાનમાં.
તેથિ મન મોહ્યું મારૂં, ગ્રંથ અરપણ કરૂં;
કોમળ કરાબ્જ મધ્ય, અતિ ઉછરંગમાં. ૨

તરવાર પ્રબંધ. દોહરો.

સ્યામ ધામ શુ ભગતનું, ગૌર ગૌર શીરગંગ;
ચંદ્ર મૌલિ ચક્રાધિશ, આયુશ કરો અભંગ. ૩

લી. આપનો આભારિ.
ગીરજાશંકર માધવજી.
ઓઝા.

પ્રસ્તાવના.

સર્વ પ્રાણી માત્રનું મન નીતિનું વલણ પકડતું નથી, પણ કોઈકજ ધર્માનુંવયી હોય છે. ધર્માનુંવયી થવાનું મુળ સાધન વિદ્યાછે. વિદ્યાથી સતશાસ્ત્રનો અભ્યાસ થઇ શકેછે અને એ સતશાસ્ત્રના બોધે કરીને મનુષ્યનું મન નીતિનું વલણ પકડેછે. અને નીતિનું વલણ પકડી સતકર્મો કરવામાં કર્તવ્યતા સમજેછે. એવાં સતકાર્ય પરાયણ મનુષ્યોનું બીજા મનુષ્યોએ અનુકરણ કરવાની જરૂરછે તેમજ તેવાં સત્ય શીલ મનુષ્યો આ દુનીયામાં જે કિરતી મેળવેછે એવી બીજા મનુષ્યો મેળવી શકતાં નથી. પરલોક પણ એવાજ મનુષ્યોને સુખાવહ છે. એથી ઉલટી રીતે ચાલનારને પરલોક હમેશાં ભયાવહ થઇ પડેછે. માટે તમામ મનુષ્યોએ એવાં સતકાર્યો કરનાર મનુષ્યનું ચરિત્ર સાંભળવાની યાને અભ્યાસ કરવાની જરૂરછે. આટલા માટે એવા ગ્રંથો પ્રગટ થવાનિ જરૂરછે. અને એવા ચરીત્રોના ગ્રંથો પ્રગટ થવાથી લોકોમાં નીતિનો ફેલાવો થાયછે, નીતિથી હમેશાં કરવાની કર્તવ્યતા સમજવામાં આવેછે. એથી કરી પરિણામે સ્વદેશવાત્સલ્યતા વધિ મહાનકાર્ય સ્વલ્પ કાળમાં સાધી શકાય છે.

આર્ય ધર્મશાસ્ત્રને પુસ્તકો જોવાથી પણ દેખાઇ આવેછે કે ઘણા મનુષ્યો સત કર્મ કરનારના અનુકરણથીજ સુધર્યા છે. બોધ કરતાં પણ સદાચરણ વધારે અસર કરી શકેછે. આધુનીક કાળમાં એક કહેવત ચાલે છે કે "કહ્યા કરતાં કરી બતાવવું સારૂંછે" એ કહેવતથી સમજાય છે કે બોધ કરતા સદા ચરણ વધેછે.

મ્હોટા કહેવાતા લોકોએ એક બાબત હમેશાં ધ્યાનમાં રાખવાની જરૂરછે કે અજ્ઞાન લોકો આપણે કરીએ છીએ તે સારૂંછે એ માની અનુકરણ કરશે. માટે સૌના કરતા આ-પણે માથે વધારે ભારછે. તો જગત નિયંતા તરફ લક્ષ રાખી સદવર્તન કરવું એજ આપણી કર્તવ્યતાછે

આહાવો સાધારણ નિયમ હોવાથી સજ્જન એ આ દુ-નીયાને બહુજ ઉપયોગીછે. એટલા માટે આ ગ્રંથ પ્રગટ થાય છે.

"મહારાજા શ્રી તખ્તસિંહજી અક્ષય કાર્યમાળા"

આ ગ્રંથ અધ્યન કરવા લાયક છે એમ તે સંપુર્ણ વાંચવા થિ ખાત્રી થશે.

આ ગ્રંથ પ્રગટ થવામાં મે. હરીસીંહભાઇ તરફથી જે સહાયતા મળીછે તેને માટે તેઓ સાહેબનો અતઃકરણ પુર્વક ઉપકાર માનું છઉં.

મહેરબાન તાલુકાસ્કુલ માસ્તર સાહેબ દામજીભાઈ લવ-જીશેઠ આતો ગ્રંથ પ્રગટ થવાની જીજ્ઞાસા બતાવિ મને કિમતિ મદદ આપીછે તેને માટે તેઓ સાહેબનો પણ ઉપકાર માનું છઉં.

આ મારો પ્રથગ પ્રયાસ હોવાથી સુજ્ઞ વાંચનાર થએલી ભુલને દુર કરી સુધારીને વાંચશે એવી પ્રાર્થનાછે,

લી. ગ્રંથ કર્તા,

૫૬૧૦

* સત્યમેવ જયતિ. *

મહારાજાશ્રીતખ્તસીંહજીજી.સી.
એસ. આઈ. ડા. ઓફ. લોઝ.

અક્ષય કાર્યમાળા.

દોહરો.

ત્રીપુરારી કંસાંતક વેદ ગર્ભ સુરદેવ;
વંદુ ગણુ નાયક સદા મંગળ પ્રદ અહમેવ. ૧

સરસ્વતિ સ્તવન.

રાગ કલ્યાણ.

હંસ વાહનિ સ્તવું હું, માતુ શારદા;
સેવક સવ સાહ્ય થવા સુણજે આરદા. } ટેક.

અંતરમાં અભિલાશ ધરૂં હું, મા મુજને છો સાહ્ય;
ગ્રંથ પંથ વર્ણવવા માટે, કરજો દેવિ કૃપાય. ૧
વિજય હસ્ત મુસ્તકપર ધરિને, આશિ આપો એમ;
બાળકનું બળ અધિકું વાધે, સહાય સુરતરૂ જેમ. ૨
બ્રહ્મ સુતા મમમાતા દયાળુ સદા જ્ઞાન સ્વરૂપ;
અખિલ જગત ઇશ્વરિ મહમાયા, છો ત્રિભુવનનાં ભૂપ. ૩
વાણી વિણ ક્ષણ એક ન ચાલે, છો વાણી દાતાર;
ભાવે ભજું ભવ તાપ શમાવા, ત્રિભુવન સુખ કરનાર. ૪
ચંદ્રવશ ક્ષત્રિ દ્વિજ રાજા તખ્તસિંહ ભૂપાળ;
કાર્ય સ્તવન કરવાને માટે, કાર્ય મુજમતિ વિશાળ. ૫

આશીર્વાદાત્મિક.

દોહરો.

તમ ખળ તજ સિંધુ હવે, ભજ ધરિ ભાવ હમેશ;
આદ્ય પદે આદ્યાક્ષરે, રણ ક્ષણુ કરે મહેશ. ૩

દ્વિઅરથી દીંડી.

[1]ભજ ભાવ સીંહ જે દયા નિધિ છે,
રક્ષણુ અક્ષય નામ તાજ્ઞરૂ કરે છે;
વખત હરિ બહુ સમૃદ્ધિ ભરે છે,
ભજ ભાવસીંહ જે દયા નિધિ છે. ૧
જશવંત થાઓ દિન દીને દયાળા,
ધરો ભાવ હરિ નામમાં કૃપાળા;
જશવંત તેજ જામજો રસાળા,
ભજ ભાવસીંહ જે દયા નિધિ છે. ૨
સદા તખ્તસિંહ ગાદીએ બિરાજો,
અષ્ટ સિદ્ધિ નવે નિદ્ધિ શુભ છાજો;
વિજય વિજય સર્વ દેશમાં ગવાજો,
ભજ ભાવસીંહ જે દયા નિધિ છે. ૩—૪

દોહરો.

અભિ જીત નક્ષત્રમાં, ઉપજ્યા શ્રી તખતેશ;
મનવાંછિત્ત જીત મેળવિ, વર્ણવું એહ નરેશ. ૫

દોહરો.

અષ્ટા દશ ઉતમ સને, પંચઅષ્ટામી સાલ;

---

૧ એ દીંડીમાં નવ પહેડીના નામો સાથે લઇને (અર્થ થાય છે;) અને એક અર્થ ફક્ત મહારાજાનેજ આશીર્વાદ તરીકે નીકળી આવે છે.

વરસ છાંડ તારીખ દિને, પ્રગટયા જશવંત લાલ. ૧
માતા હરખા મન વિશે, આનંદિત બહુ થાય;
ઉદય હુવો ઉદયા ચળે, ભાનું કિરણ [1]પસાય. ૨
શશિ કળા સમ વાધતું, નિશદીન તેજ અખંડ;
ભાવનગરનો ભૂપતી, પ્રાક્રમિ શિઘ્ર પ્રચંડ. ૩—૬

કૌમાર અવસ્થા.

હરિગીત છંદ.

શશિની કળા સમ તેજ વધતું, બાળવયે બળવંતનું
અતિ ઉગ્રતા બુદ્ધિ તણી, મન માતાનું બહુ હરખંતું.
પુરણ પ્રતાપિ નૃપતિ આજે, નીવડ્યા તે વર્ણવું;
મહારાજ અક્ષય કાર્ય માળા, પુરણ પ્રેમે હું સ્તવું. ૧
મળિ મનુશ સૌ મુખથી કહેતાં, નૃપતિ આ સારો થશે;
ધીવંત ધરિ ધીરજ બહુ, સુખ સંમૃદ્ધિ વરસાવશે.
જન વાયકા સાચી ઠરી, આ અવસરે ઉરમાં લહું;
મહારાજ અક્ષય કાર્ય માળા, પુરણ પ્રેમે હું સ્તવું. ૨
નાનિ વયેથી નિપુણતા, દરસાવતા નીતી તણી;
વિદ્યા વિનોદી ભૂપને, વિદ્યા પરે પ્રીતી ઘણી,
નિજ તાત સાથે સંચર્યા, કોલેજનું મુહુર્ત કર્યું;
મહારાજ અક્ષય કાર્ય માળા, પુરણ પ્રેમે હું સ્તવું. ૩
જશવંતના સુતછે સદા જશવંત આ અવની વિશે;
ધન ધન જનેતા હરિબા સુખ સ્વર્ગમાં અધિકું હશે;
આશિશ આપે જન સહુ તે કાર્ય સ્તુતીને કહું,
માહારાજ અક્ષય કાર્ય માળા પુરણ પ્રેમે હું સ્તવું. ૪
ભય ભંજના દુખ ભંજના મન રંજના રાજા ગણું;
તખતેશ તખતે અમર તપજો દુખ છેદ્યુ સૌતણું;

---

૧ પ્રસરાવિને.

કોલેજ કેળવણી લેવાને સંચર્યા તે વર્ણવું,
મહારાજ અક્ષય કાર્યમાળા પુરણ પ્રેમે હું સ્તવું. ૫—૭

ત્રોટક છંદ

જશવંતજ શાખ્ચિ મુકી જગમાં,
જઈ વાસ કર્યો ભુપ સ્વર્ગ ભુમાં;
વયનાનિ હતી નૃપ દ્વાદશાની,
કરિ રાજક્રિયા વિધિ શાસ્ત્ર તણી. ૧
દિગ વર્શ અને હર નેત્ર ભણું,
નૃપ શારદ મંદિર જાવું ઠર્યું;
ગુણવંત દિવાન મહાન ગણું,
ગવરીશંકરે નૃપ કામ કર્યું. ૨
પરસીવલ પ્રેમ ધરી મનમાં,
ચલવે નૃપરાજ સદા સુખમાં;
તખતેશ ગયા ભણવા સ્કુલમાં,
ખુબ રાજકુમાર સમાગમમાં. ૩—૮

મહારાજાનો ઊગ્ર વિદ્યાભ્યાસ.

ભુજંગી છંદ.

ભણે ભાવ રાખી મહા ભૂપ ભારે,
પુરા પ્રેમથી જે ગુરૂજી ઉચારે;
છબી શુદ્ધ ઊઠે શિખે શીખ સારી,
ભણી ભાવ ભૂપે વિદ્યાને વધારી. ૧
પડે સ્વાન્તિ બુંદો બપૈયો ગ્રહે છે,
વિદ્યા અંતરે એમ તખતેશ લે છે;
મહા મુલ્ય મોકિત રૂપે એ સ્વિકારી,
ભણી ભાવ ભૂપે વિદ્યાને વધારી. ૨
ગુંથું એહની આજ હું અક્ષમાળા,

જુઓ મોતી ભેગાં કર્યાં છે રસાળાં;
નૃપે અંતરે નમ્રતા નીમ ધારી,
ભણી ભાવ ભૂપે વિદ્યાને વધારી. ૩
મહા હર્ષ ધારી હમેશાં ભણે છે,
વિવેકી વડાઈ સઉમાં લહે છે;
વડા શીક્ષકે સારી સ્તુતિ ઉચ્ચારી,
ભણી ભાવ ભૂપે વિદ્યાને વધારી. ૪—૯
વિનોદી મહારાજ તખતેશ કહાવે,
વિદ્યા મંદિરે જાણું ભાનું સુહાવે;
કરે કંજ થાયે પ્રફુલીત ભારી,
ભણી ભાવ ભૂપે વિદ્યાને વધારી. ૫
સઉ રાજી થાયે મહારાજ દેખી,
પુરા પ્રેમનું પાત્ર છે એમ પેખી;
રહે સર્વ પ્રત્યે સદા પ્રેમ ધારી,
ભણી ભાવ ભૂપે વિદ્યાને વધારી. ૬
શિખી સર્વ વિદ્યા સુધા પાન કીધું,
પુરો પુર્ણિ મા ચંદ્ર આનંદ સીધું;
સદા શોભિ રહે છે કળા જે સુધારી,
ભણી ભાવ ભૂપે વિદ્યાને વધારી. ૭—૯

શખાવત દોહરો.

હદારે ધરિ ઉદારતા, આપી ઉત્તમ ભેટ;
વિદ્યા મંદીર મહિપતિ, કાર્ય કર્યું બહુ શ્રેષ્ટ. ૧૦

ઇંદ્રવિજય છંદ.

ચિત્ત વિશે શુભ ચાહ ધરી નૃપ,
ભેટ કરી ભલી રીત્ય જણાવી;
પ્યાર પ્રકાશ થયો નૃપતી ઉર,

પ્રીસનિ રીત દીધી દરસાવી;
ગુણી ગવર્નર એમ કહે નૃપ,
તખ્તસીંહે સરસાઈ ધરાવી;
ગોહિલ વંશ દિપાવણ ભૂપતિ,
ભૂપર કીરતિ સઘ સુહાવી. ૧૧

વિદ્યાભ્યાસ કરી મહારાજાનું ભાવનગરમાં પધારવું
અને તે પ્રસંગે ફેલાએલી ખુસાલી.

દોહરો.

મહારાજા તખ્તેશ નૃપ, ગોહિલ ગુણ ભંડાર;
વિદ્યા મંદીરમાં ભણી આવ્યા શહેર મોઝાર. ૧૨

સવૈયા છંદ.

ઘર ઘર મંગળ આનંદ આજે, વાજાં વાગે વિવિધ પ્રકાર;
આનંદે અંતર હરખાયે, નરનારી વૃદ્ધને બહુ બાળ.
ભવ્ય મહેલો ભાવનગરના, શણગાર્યા છે વિવિધ પ્રકાર;
મહારાજાશ્રી તખ્તસીંહજી, વિદ્યા ભણિ આવ્યા સુખકાર. ૧
જળહળ જળહળ ધ્વજા પતાકા, મોક્તિ તોરણ બાંધ્યા દ્વાર;
ઉમંગે બાળાઓ ઉલટી, વધાવવા જશવંત કુમાર.
જયજય બોલી કુસમ ઉછાળે, આશિશ ભણતાં વિવિધ પ્રકાર;
મહારાજાશ્રી તખ્તસિંહજી, વિદ્યા ભણિ આવ્યા સુખકાર. ૨
રઘુ નંદનની જન્મ તીથિ શુભ, રામનોમી આનંદ અપાર;
એ અવસર મહારાજ પધાર્યા તખ્તસીંહ અભિરામ ભુપાળ.
મોદ મને મહિપતીને નમતા, શેઠ અને શાણા શાહુકાર;
મહારાજાશ્રી તખ્તસીંહજી, વિદ્યા ભણિ આવ્યા સુખકાર. ૩
વર્ણ અઢારે અતિ ઉમંગે, નમતા નૃપને વારંવાર;
નમતા નમતા આશિશ આપે, રાજ તેજ જામો સુખકાર.
મહિપતી મનમાં હર્ષ ધરિને, પ્રજા તણો માને ઉપકાર;

મહારાજાશ્રી તખ્તસીંહજી, વિદ્યા ભણી આવ્યા સુખકાર. ૪
મહારાજા નિજ મહેલ પધાર્યાં, અમરપુરે જેમ પેસે સુરેંદ્ર;
પુર્ણ કળા ધર શોભે છે, ભાવનગરનો સુખકર ચંદ્ર.
નરનારી વૃદ્ધ બાળ ઉચ્ચારે, આજ હુવો મન જયજયકાર;
મહારાજાશ્રી તખ્તસિંહજી,વિદ્યા ભણી આવ્યા સુખકાર. ૫—૧૩

મહારાજાનો વિવાહ.

દોહરો.

સમય કાંક વિત્યા પછે, લગ્ન તણી પુર લેહેર;
મહારાજા મંદીર બની, શોભાવ્યું બહુ શહેર. ૧૪

મનહર છંદ.

ગોખ જરૂખાને જાળી, બારીને અટારી રૂડી;
ચીત્રકારે ચોતરીને, સારી શણગારી છે. ૧
ધ્વજાને પતાકા શોભે, મુનીવર મન લોભે;
કવિની કલમ થકી, વાત એતો ન્યારીછે. ૨
ત્રાંબાળુ ત્રાશાંને ઢોલ, સુરસરણાઈ તણા;
વિવિધવા જાની રૂડી, ધુમ સદા જારીછે. ૩
દેદીપ્ય દેખાય દીવા, મહારાજા તણા વિવા;
દીવાળીના દીન જેવો, દેખાવ દેખાયછે. ૪—૧૫

દોહરો.

સંક્ષેપે કરીને કહ્યો, વિવાનો વિસ્તાર;
ભાવેણાનો ભૂપતિ, કામની પરણ્યા ચાર. ૧૬

દોહરો.

ઈચ્છાવર અંતર ધરી, પરણી બીજી નાર;
વેગે કરીને વર્ણવું, માળ સુહાવણુ હાર. ૧૭

રાગ લાવણી.

થયોરે ભુપ ભાવનગર ભાનું (ધ્રુવ) ૨
ગોહિલ વંશ દીપાવણ રાજા તખ્તસીંહમાનું. ૧

મેધા[1] એ મન વરવા ધાર્યું (ધ્રુવ) ૨
ક્ષમા દયા સુશાન્તિ શુકોમળ અંતર અજવાળ્યું. ૨
લક્ષ્મી લહેર સદા જામી (ધ્રુવ) ૨
નિરમળ નામ શુણી નૃપતિનું મોહ બહુ વામી. ૩
ભ્રાન્તિઓ ભાગી ગઈ ભુડી (ધ્રુવ) ૨
ભુપતિ ભયથી એ ઉતરી, ગઈ પાતાળમાં ઊંડી. ૪
વિદ્યા બાહુબળ પેખી, (ધ્રુવ) ૨
વિર પુરૂશ વર તખ્તસિંહને અંતરમાં લેખી. ૫
કાન્તિએ કોટી પ્રભા છાઈ, (ધ્રુવ) ૨
રતિપતી સમરૂપ મનોહર દરસત સુખદાઈ. ૬
સલજ મને નિદ્રા સરમાતી, (ધ્રુવ) ૨
વિશ્રાન્તિ દેવા નૃપ, અંતરે ઇચ્છિત અનુસરતી. ૭
અષ્ટધા પટરાણી અહેવી, (ધ્રુવ) ૨
ભાવ ધરી ભુપતીપર મોહી ચરણ રહી સેવી. ૮
નૃપતિ એ ગોહિલ વંશ ગુંણી, (ધ્રુવ) ૨
કાયૈ સ્તવન કરવા અંતરમાં, ઈચ્છા આજ ઘણી. ૯
ગીરજાશંકર મુખ માગે, (ધ્રુવ) ૨
ભાવિક અંતર ભાવ ધરિને રાજ ભકિત લાગે. ૧૦—૧૮

પ્રવાસ વર્ણન.

દોહરો.

પ્રવાસ વર્ણવું પ્રેમથી, મહારાજા તખ્તેશ;
ભરતખંડ ભુમી વિશે, કીધો જેહ નરેશ. ૧૯

રૂચિરા છંદના ઢાળની લાવણી.

અનુભવ વાસુખ પ્રવાસ કેરૂં, લેવા કુદરત કેરૂં જ્ઞાન;
પ્રવાસ કરવા પોતે પધાર્યા, મહારાજા ગોહિલ ગુણવાન. ૧

---

૧ બુદ્ધિ.

ઇંદ્રપુરી સમ શોભે સુંદર, મુંબઈ મહેલ વિચિત્ર તમામ;
જાણું જડે જોવાનું જેમાં, એવાં કુદરતના બહુ કામ. ૨
સુધરેલી રિત રાજ ચલાવે, ગુંણિ ગવરનર ત્યાં વિદવાંન;
રૈયત અંતર રાજી રેહે બહુ, વસે જનો બહુધા ગુણવાન. ૩
જનમંડળ સૌ ટોળે મળિને, નૃપને અધિકું આપે માન;
ગુણિ ગવરનર પ્રિન્સવેલ્સ પણ, પરસ્પરે કીધું સનમાન. ૪
ભવ્ય કુશળતા ભાળી અહેવી, અંતરમાં ઉછળે ખુબ જ્ઞાન;
વિવેક વર અંતરમાં લીધો, તખ્તસીંહજી નૃપ ગુંણવાન. ૫
મેજરના સંગે મહારાજા, કરતા ઉત્તમ પ્રવાસ કામ;
ચંદ્રવંશ દિપાવણ રાજા, ગયા હસ્તિનાપુર સુખ ધામ. ૬
જાહોજલાલિ દેખી દીલમાં, અંતરમાં કીધું અનુમાન;
ધન્ય ધન્ય ભુતળ જાયા, ચંદ્રવંશ ગુંણ સુધા સમાન. ૭
જોવા લાયક સર્વે જોયું, થોડા દીન કીધો વિશ્રામ;
પુરણ પ્રીતે કાશી પધાર્યો, વિશ્વનાથ શોભા ગુણ ગ્રામ. ૮
મણી કર્ણિકા ઘાટ મનોહર દરસત પરસમ પુરણ કામ;
વર્ણવતાં વિધી પાર નપામે વિશ્વનાથ નગરી સુખધામ, ૯-૨૦

ઇંદ્રવિજય છંદ.

દાન દયા વિર ભૂપ ભલો કહુ, દાન દીધાં બહુ દીન જનોને;
સ્નાનથિ શુદ્ધ શરીર કરી નૃપ, અંતરથી શિવ સ્તુતી ભણીને.
વારંમવાર પ્રણામ કરી વર, સાબ સદા શિવને વિનવિને;
માગ્યું મુખે કરિ રાજ પ્રજા સુખ ધન્ય કહું તખતેશ ધણીને. ૨૧

દોહરો.

વિશ્વનાથ વર મેળવી, પ્રવાસમાં ધરી પ્રેમ;
ગોહિલવંશી સંચર્યા, ચાહી સહુનું ક્ષેમ. ૨૨

હિંદુસ્તાનમાં જોવાલાયક શાહેર.

દોહરો

ભરતખંડ ભૂમી તણો, જોવા જોગ્ય જમાવ;

કલકત્તાને આગરા, જોયું અલહાબાદ. ૧
હરદ્વાર હરી ધામછે, સુંદર સ્થાન પવિત્ર;
જોઇ મનોહર જુગતી, વનસરિતાઓ વિચિત્ર. ૨
સત્ય છાપ દિલમાં ધરિ, પુરણ કરી પ્રવાસ;
પ્રીતે પધાર્યા રાજ્યમાં સુંદર માધવ માસ. ૩
જનમન આનંદિત થયાં, જોઇ મનોહર રૂપ;
નિરખે છે નરનારિયો, ભાવનગરનો ભૂપ. ૪—૨૩

કુમારીકા આશિરવાદ.

રાગ ઠુમરી.

સખી કયું છબી સોહત ભુપ નકી; } ટેક.
અબ સુરત દેખ રહી અટકી.
શીરપર પાઘ સોનેરી બીરાજત,
ખરી ક્ષત્રી છટા વામે નિરખી. સખી. ૧
નિરખત મુખ અબ ભાનું પ્રકાશિત,
કાન્તિ કળા ગુણ છાઇ રહી. સખી. ૨
ઐસે અસિધર કબ નહી દેખે,
વિજય હરતનમેં આપ ગ્રહી. સખી. ૩
આનંદ અંગમે ભૂપ બલીહારી.
એહી ભુપતિ યશ ધન્ય કહી. સખી. ૪
ચંદ્ર કે વંશી જાનું દેવાંશી,
ભાવ ભુપ ગુના વ્રંદ મહી. સખી. ૫
ધિર વિધા સત્યમ ક્રોધ કહીએ;
ધતિ ક્ષમા સબ છાઇ રહી. સખી. ૬
એહી ભુપ તખ્તસિંહ ચિરાયું,
પ્રજાહિત ગુન ગાઇ રહી. સખી. ૭ ૨૪

દિલ્લીમાં ભરાયેલો શેહેનશા દરબાર.

મનહર છંદ.

દિલ્લીમાં ભરાણુ જ્યારે, દરબાર રૂડી રીતે;
પધાર્યાં ત્યાં પ્રિત ધરી, ભુપ તખ્તેશ તે.
પામ્યા પુરૂં સનમાન, ગવાયાં ગુણોના ગાન;
વિજયનો ધ્વજ આપ્યો, શહેનશાહ રાણીએ.
વાહવાહ વધ્યાં સહુ, ધન્ય ધન્ય તખતેશ;
ગવાણું ગુણો તે શું હું, વખાણું આ વાણીએ.
તોપોના ભડાકા કર્યા, જાણુ થવા ચૌદે લોક;
પંદરમી તોપ તેતો, સ્વર્ગ માટે જાણીએ. ૨૫

દોહરો.

ગૌરીશંકર ગુણુ નિધિ, પામ્યા જે ઇલકાબ;
મહારાજના કાર્યમાં, એ પણુ એક બનાવ. ૨૬

ઉપજાતિ છંદ.

એ યાદગીરી રહેવા સુકાજ, બંધાવવિ આજીપરે સુ પાજ;
એવું ઠરાવ્યું તખ્તેશ ભુપ, સઉ કહે કાર્ય કર્યું અનુપ. ૧
ભણવા ગયાતા તખ્તેશ ભુપ, જોયું હતું ત્યાં જન કેરૂં દુઃખ;
એ અંતરેથી કદિના ખસેલું, ચકોરને ચંદ્રપરે રહેલું. ૨
મહોટા તણીએ બહુધા વડાઇ અંબોધિ વર્સે સમે સુખદાઈ;
એવી કૃપા આ તખ્તેશ કીધી, સુકાર્ય ગણુના સરસાઇ લીધિ. ૩–૨૭

હરિગીત છંદ.

પ્રાણિ તણું દુખ ટાળવા ભલી ભુપત્તી પ્રીતી ધરી,
પૂલ પુર્ણ કરાવવા મહારાજે ઈચ્છા આદરી;
પરમાર્થ જેના અંતરે, આનંદથિ અધિકો વસ્યો,
પ્રાણિનું દુખ પ્રજાળવા મહારાજે નિશ્ચય ત્યાં કર્યો. ૧
દિનજનો દુખ બહુ પામતાં પંથે જનારા લોક જે,

સહન કરતાં શિત શરીરે લાજ ઇશ્વર રાખજે;
ઉચ્ચાર એવા જન કરે દેખાવ છે દુખદ ભર્યો,
પ્રાણિનું દુખ પ્રજાળવા માહારાજે નિશ્ચય ત્યાં કર્યો. ૨
એહો બિચારા બળ કરી બહુ ધર ધરિને ચાલતા,
નિરદય નઠારા લોક તે પશુ પેટ માટચ પજાવતા;
બહુ માર સાથે આર ઘોંચે શુ કરે ધંધો ઠર્યો,
પ્રાણિનું દુખ પ્રજાળવા માહારાજે નિશ્ચય ત્યાં કર્યો. ૩
અભિલાખ આણી મંત્રિને કહ્યું સાંભળો શાણા શુચી,
ત્યાં લક્ષ ધનથિ પાજ બાંધો એવી છે મારી રૂચી;
રહે યાદ આ દિવસ તણી સુ શહેનશાહ સુહામણો,
પ્રાણિનું દુખ પ્રજાળવા મહારાજે નિશ્ચય ત્યાં કર્યો. ૪-૨૮

પછી પધાર્યા શુભ પ્રાગરાજ, ગોહિલવંશી ગરીબનિવાજ;
કરી સ્નાન પ્રીતે તખ્તેશ ભુપ, દાનો દીધાં છે દીનને અનુપ. ૧
પછી પધાર્યા પુરી ભાવમાંહ્ય, આનંદ વાધ્યો બહુધા સુહાય;
સુખે રહેછે ભુપતિ દયાળુ, જાંણે મયકે નીશાંી દુખ ટાળ્યું. ૨
આનંદમાં એમ દીનો વિતાય, ગુણી પ્રજા ગંભીર ગુણગાય;
વળી જવાને ઝીરનાર ધાર્યું, જોવા શોભાએ મનમાં વિચાર્યું. ૩
દામોદરે જે શુભ સ્નાન કીધું, દુખી દીનોને બહુ દાંન દીધું;
જુના લેખોને જુની સર્વ વાતો; જોઇ સુણીને આનંદ થાતો. ૪
દેવાલયો સુંદર ઠામઠામ, જોયું જુનાગઢ ફરીને તમામ;
મળ્યા નવાબ બહુ માન દીધું, પરસ્પરે હેત અધિક કીધું. ૫
અનુભવ્યું એમ બધું ભુપાળ, વનસ્પતિ ઠાઠ લતા રસાળ;
પછે પધાર્યા નીજરાજ માહ્ય, પ્રજા બહુ અંતર પ્રેમ ન્હાય. ૬-૨૯

મનહર છંદ.

ફરી ફરી ફળ રૂડાં અમૃત સમાન ચાખ્યાં,
દીગ વિજયનો ડંકો વાગ્યો સર્વ દેશમાં;

જોઈંટપણેથી રાજ ચાલવે છે મહારાજ,
ફેલાણું કીરતી ફુલ સુગંધી ચોદીશમાં.
એમ તખ્તેશ તણી કીરતી વખાણે લોક,
ભલું સુખ ભાળ્યું કહે ભાવ ભુપ રાજ્યમાં;
ગુણ નિધી રાજા ગણી સ્વતંત્ર ચલાવા રાજ,
રાજની લગામ રૂડી આપી ભુપ હાથમાં. ૧—૩૦

દોહરા.

ભાવનગર ભાનું ભાલો, ગોહિલ ગરીબ નિવાજ;
ભુમંડળમાં ભુપતી, રાજ કરે મહારાજ. ૧
ગૌરીશંકર ગુણનિધી, દિવાન દીલ દરિયાવ;
તખ્તસીંહ તખ્તે તપે, જામે રાજ જમાવ. ૨
સરસ સુધાકર આસમે, પુર્ણકળા ધર પ્રેમ;
રત્નાકર રૈયત દિલે આનંદ પ્રદ છે એમ. ૩
અપિલો આપ તપાસતા, ઉજ્વળ જેનો ન્યાય;
રાજનીતિની રીતથી, રૈયત રાજી થાય. ૪—૩૧

મનહર છંદ.

આનંદે અંતર આજ ઉભરાય એણી પેરે,
ચાતકને સ્વાન્તિ બુંદ સમુ સુખ થાય છે;
કોકિલા વસંત વાદ મયુર ને મેઘનાદ,
અમરને સુધા સ્વાદ એવું આ જણાય છે.
પ્રેમીને સંયોગ સુખ રસનાને રસ યુક્ત,
મળે મીઠી રસોઈ તો મન મોદ થાયછે;
ભાવ ભુપ પ્રજા ભાનું પકંજ શું પ્રીતમાનું,
રહે કેમ હેત છાનું મુકર પ્રતિત છે. ૧—૩૨

રાજ્ય શાન્તિ વર્ણન.

ભુજંગી છંદ.

મહારાજ તખ્તે તપે ચંદ્રવંશી,

ભલો ભૂપ તખ્તેશ અન્યાય દૂંશી;
પ્રજા મોદનો ઘોધ શું પાર પામ્યો,
વહે ઝર્ણું શાન્તિ સદા રાજ જામો. ૧
મળે ન્યાય ચોખો મહા મુલ્યકારી,
નિતીની લગામે ચડી ન્યાય સ્વારી;
નથી કો અરી આજ તખ્તેશ સામો,
વહે ઝર્ણુ શાન્તી સદા રાજ જામો. ૨
વિશે વ્યાળને પકડી પહેરેજ કીધો,
મહા ચોરના દોરનો અંત લીધો.
ગયો દેશ ખાધો ન એકે વિસામો,
વહે ઝર્ણુ શાન્તી સદા રાજ જામો. ૩
ગયા ચાડિયા લાંચિયા ને જુગારી,
નિતી ન્યાયની પુર્ણતાને વધારી;
રૂડી કીર્તિ ફેલાવિ ઉજવલ્ય કામો,
વહે ઝર્ણુ શાન્તિ સદા રાજ જામો. ૪—૩૩

ઉપજાતિછંદ.

ભાનું ઉદે રાત્રી વિનાશ થાય,
અરૂણોદયે પંકજ તો ખિલાય;
થયુંછે એવું ખુબ ઉદ્યમેંથી,
ભાગ્યુંછ અજ્ઞાન હવે બધેથી. ૧—૩૪

દોહરા.

મહા રોગ ઓાશધ થકી, મટે મનુશ પરિતાપ;
પામ્યા પુરણ સાધનો, રાજ તાપ પરતાપ. ૧
અંતરથી એ વર્ણવું, સાંભળો સજ્જન ધીર;
પ્રગટ ગુંણ તખ્તેશ રૂપ, સત્ય વિશે સુરવીર. ૨—૩૫

ભુતકાળ કેળવણી દર્શન.

મનહર છંદ.

એકડા આવડે ત્યારે, પાવલો પતાવી લેવો;
પોતા પુંજી કરે એવા પંડ્યાઓ ભણાવતા;
આક અને એકડાના કડાકા કુટાવે ખોટા,
બરાડા પાડીને બહુ બડાઈ જણાવતા;
પૈસાને આખી લેવા ખોટા ખોટા ખેલ એવા,
ખળતાથી ખટકાવી છુટીઓ પળાવતા;
મોઘી મળે કેળવણી ભ્રમનાની ભેળવણી,
તોય તેને સારી ગણી ભાઈને ભણાવતા. ૧—૩૬

મનહર છંદ.

એકડાનો એકડોજ વરસો વરસ લગી,
શીખવતા શીધું લેવા ગોવાળી ગણાવતા;
માત પીતા પુછે ત્યારે મુખેથી જવાબ આપે,
સરસતી ચડે નહીં એવું સમજાવતા;
દાન કર્યે દોશ જાય પંડ્યાજીનું કામ થાય,
માથું કુટી મુરખાઓ પશુને પજાવતા;
એમ કહી નાવડેતો માર મોઢે માની જાય,
આવજો આવજો એમ મુખથી ઉચ્ચારતા. ૧—૩૭

મનહર છંદ.

આંક અને અગીયારી શીખામણ ધાત સારી,
ભણાવે ભલેરૂ પણ બહુ બીવરાવતા;
થડકેથી ઠોઠ થાય આડું અવળું લવાય,
પાંટલાને ખાટલાને પાતરે બંધાવતા;
બીકે ઘણા બાળકોના પાળકોને પીડા થાય,
તાપે તરફડે બાળ એવું એ ભણાવતા;

પોપટિયુ પઢાવિને વિત્તવેલું લીયે તોય,
પાડામુડ પંડયાજીને પાઘડી બંધાવતા. ૧-૩૮

પોપટિયા ભરણતરના ને બોડીયા અક્ષરના દાખલા.

ઇંદ્રવિજય છંદ.

પાટિપરે ધુડય ધાબડિ બારાખડી સરવે ભણી જાતા,
નામ લખે નગ્રશેઠ તણું જટ,
બોડિયા અક્ષર બેશ વંચાતા;
ભાઈ ભણી ગણિ ઉઠયા નિશાળથિ,
ગામ પટેલ પરિક્ષક થાતા;
આઠ અને વીશ થાય અઠાવિશ,
એમ કડાકા જીભેથિ પુછાતા. ૧—૩૯

મનહર છંદ.

કાકો અજમેર ગયા કાકી પણુ લઇ કોટે,
સાથ જવા સાબદાં છે મનમાં મુંજાઉ છું;
મોત અને મંદવાડ વાંચી ગયો વેગે કરી,
મોકાણ મંડાવે એવા મુર્ખને વંચાવવું;
એથી ભલે મુર્ખ હોય દોશ કાઢશે ન કોય,
અકલના હીણાઓને અવળું અડાવવું;
ખલકમાં ખામી એવા, મુરખની ભલે થાઓ;
જામીજા આ જગતમાં વિદ્યાનું વધારવું. ૧—૪૦

મનહર છંદ.

વેવાઈના કાગળમાં, લખ્યું હતું એક જણે
વરસ બળતા મોર, વિવા નહીં કરીએ.
મુરખે પુછાવ્યું એમ, મુવું નથી જીવ્યુ નથી;

વરશી વાળશો ત્યારે, મરશેઠ તે દીએ.'
શેઠ મરવાનું શુણી, પ્રોઓછે કન્યાનો બાપ;
ખુલ્લાસાની ખામી ઘણી,વાત શું ઉચારીએ. ! ! !
લખ્યા બેઉ લાતોલાત, લખી કેમ ખોટી વાત;
કુળીઆનું સાચુ મુળ, મહેતાજી મંદીરીએ. ૧—૪૧

મનહર છંદ.

વરશનું વરશીને, મીનારખનું તો વાંચે;
મહીના રાખ્યાછે એમ, ઉધું સમજાવતા.
કુળમાં કપુત એવા, વરશીના કરે વીવા;
દેવનો તો દીવો વાંચી, ભણેલું ભજાવતા.
ગોખી ગોખી ગોખલાને, દેખાડી દેખાડી જટ;
ભુંશી નાંખે ભણતર, શીખછે સંભારતાં.
ધન્ય ધન્ય તખતેશ, અળસાવ્યું એહ દુખ;
કેળવાઈ કોડે આજ, આશિશ ઉચ્ચારતા. ૧—૪૨

મનહર છંદ.

જુઓ જુઓ જન સઉ,ખાટું કદીએ ન કહું;
પંડ્યાજીના પાટલાને, છોકરાં સંભારતાં.
છાણું દડો છુટી ગેડી, ફટફટ ફટકારે;
ફડકેથી ફાટી પડે, નામતો ઉચારતાં.
ભણ્યામાં ન ભલીવાર, વિત્ત વધતું લેનાર;
પંડ્યાજીનો અર્થ પુછો ? પઁડીત બતાવતા.
શીશ એના શુધરીને, મોકાંણ મંડાવે તોય;
પાડામુડ પંડ્યાજીને, પાઘડી બંધાવતા. ૪૩

આધુનીક કેળવણી.

ઇંદ્રવિજય છંદ.

શોધિ કરી ભુપ કેળવણી કળ, ચાવિચડાવિ કપાટ ઉઘાડયું;

અંતરથી અંધકાર ગયો વળિ, ભાનુ કરે ભલુ જ્ઞાન કરાવ્યું.
શુદ્ધ સુશોભિત શાન્ત શુધારક, શારદ નીર સુધા વરસાવ્યુ;
ભાવ ભુપે ભલિ રીતથિ ભૂપર,શારદનું સનમાન કરાવ્યું. ૧—૪૪

સવૈયા છંદ

એ અજસાવ્યું આપ રાજ્યમાં, ભાવનગરના ભુપ દયાળ;
વારમવાર વદછે આશિશ, ભણી ગણીને બાળ નિશાળ.
લેખણ ખડીઓ લઈ હોંશેથિ, નિત્ય નિશાળે બાળક જાય;
આનંદે નિજ માતપીતાનું, અંતર આનંદિત્ત બહુ થાય. ૧
શુદ્ધ ઉચ્ચારો શીખતાં બાળક, મુદ મનથી મનમાં હરખાય;
જ્ઞાન સુધાનું પાન કરછે, રત્નો પારખથી પરખાય.
ખરી ખુબીથી વિદ્યા વધતિ; ખળતા ખારણીએ ખંડાય;
ભણી ગણી હોંશિલાં બાળક, પંડિત સમજગમાં પંકાય. ૨
વિદ્યા મંદિર શુંદીર શોભે, સ્વચ્છ ચણાવ્યાછે ભૂપાળ;
પ્રકાશ પાંણી હવા શુકોમળ, ભેદે નહીં કોદી રૂતુ કાળ.
ઈંગ્લિશ અને ગુજરાતિ એવા, મંદિરમાં અધ્યન ઉચરાય;
ભલે થયો નૃપ ભાવનગરનો, તખ્તસીંહના ગુણો ગવાય. ૪
અમુલ્ય કિમત આ દુનીયામાં, પામેછે તખતેશ પ્રતાપ;
વિદ્યાન જનોના અંતર મધ્યે, સત્યપણાંની દરશી છાપ.
ધન્ય ધન્ય ભુતળ તળ પ્રગટ્યો, ભાવેણાનો ભુપ દયાળ;
આશિશ સૌ અંતરથી આપે, અચળ રહો તખતેશભુપાળ.૫—૪૫

(ઉતમ કેળવણીથી ઉપજેલા હર્શમાં)

બાળવિનોદ કવિતા રાગ ગરબી.

સુણો સ્તુતી માને બાપ, કરીએ હોંશ ધરી;
અમે જાશું નિત્ય નિશાળ, લેએ શીખ સુધરી. ૧
છે ગોહિલ નૃપ ગુંણવાન, કેળવણી દાતા;
અમે જાયે નિત્ય નિશાળ, અંતર હરખાતા. ૨

ભલો ભાવ ધરિને નરેશ, આપે ઈનામો;
અમે વદીએ વારમવાર, જગમાં જશ જામો. ૩
ટળે અંતરથી અગનાન, ગ્નાની થાવાને;
જગે જળ હળે નિરમળ નામ, દુરમતિ જાવાને. ૪
નીતિ નીમ ધરિને હાથ, સુખીયાં થાવાને;
અમે જાશું નિત્ય નિશાળ, ગુણો ગ્રાહાવાને. ૫
ભણતરથી ભાગે દોશ, દુરગુણ તજવાથી;
મુકે મુરખતા મન રોશ, નિતી સજવાથી. ૬
અમે વહાલધરિ માબાપ, કહીએ અંતરથી;
ભણવામાં ધરિએ ભાવ, સુખીયાં ત્યાં ઘરથી. ૭
અમે નાનકડાં બહુ બાળ, આશીશ એ કહીએ;
રહો અમર અચળ આ રાજ, ઈશ ચરણે નમિએ. ૮—૪૬

કન્યાઓનો આનંદ.

ગરબી.

આવો બહેન્યો આજ મંગળ ગાઓરે, લેવો ભણી ગણી શુભ
લહાવોરે; દોશ દુરગુણથી દુર થાઓ. ૧
લેવા લાયક શીખ નિશાળેરે, જાવું હોશ ધરી ભણવાનેરે;
સુંદર શીયળ ગુણ સજવાને, આવો. ૨
મટે આધિ વ્યાધિને ઉપાધિરે, જેણે વિદ્યા દેવિ ખુબ સાધિરે;
પામો આ જગમાં જશ ગાદી, આવો. ૩
રૂડું રાજ તખતસીંહ રાજારે, જહાં વાગે વિદ્યા તણાં વાજાંરે
દુષ્ટ દુરગુણ સર્વે લાજ્યા, આવો. ૪
બાળાવંદ મળો સઉ ટોળેરે, આવો વિદ્યા દેવિને ખોળેરે;
માતા મહેર કરી ચક ચોળે, આવો. ૫
વિદ્યા મંદિર દામો ઠામેરે, મહારાજા તણા જશ જામેરે;

પ્રજા પુરણ મોદને પામે, આવો. ૬
ઠીક અવસર આ ભણવાનોરે, ભાનુ પ્રગટયોછે દેશ સુધર્યાનોરે;
પહેલો પાઠ બહેનો તમે માનો, આવો. ૭
મહારાજાની અદકિ મહેરરે, વિદ્યા ભણવા તણી લાલા લહેરરે;
આનંદ ઓછવછે ઘેર ઘેર, આવો. ૮
આહાવું રાજ જુગે જુગ રહેજોરે, એહેવી આશિશ હમારી લેજોરે;
રાજ તેજ અખંડિત રહેજો, આવો. ૯
રૂડી ગીરજાશંકર ગણનારે, નમુ સ્વામિ સદા આ જગનારે;
પ્રસરો જશ કીર્ણ તખતેશ નૃપના, આવો. ૧૦—૪૭

વિદ્યાર્થીઓનું આશિરવાદાત્મિક વાકય.

રાગ કલ્યાણ.

ભુપ તખ્તસીંહજી જય પામજો તમો;
વિનય સાથ વિનતિ કરી વંદીએ અમો.—ટેક
કષ્ટ વિદારણ કુમતિ કેરા સીંહ સમા પ્રખ્યાત;
જ્ઞાની ગુણ નેતા ગંભીરની જગમાં વધજો ખ્યાત. ૧
કલ્પતરૂ છો કવિ કોવિદના વિદ્યાના ભંડાર;
ભુશણ ભારતિ ભવ્ય ગણાઓ, નીરધન ધન દાતાર. ૨
મુળ કેળવણી દેવા માટે ઠામોઠામ નિશાળ;
ઇંગલીશ અને ગુજરાતી શાળા સુધરે શાણાં બાળ. ૩
એથિ ઉત્તમ અંતર ઇચ્છા કીધી કોલેજ એક;
ભાવનગરમાં ભલી ચણાવી, દીલમાં ધરી વિવેક. ૪
અનુભવિ વિદ્યામાં કુશળ સજન શાન્ત સ્વભાવ;
મહેર કરી મહેતાજી રાખ્યા અંતરમાં ધરી ભાવ. ૫
પરઉપકારે અંતર જેનું સદા ભરેલું શુદ્ધ;
પરિક્ષક રાખ્યા પુરણ પ્રીતે વિદ્વત જન મહા બુધ. ૬
હે નૃપતિ શું મુખથી વદીએ કદીએ નાવે પાર;

એ ઉત્તમ કામોની કિંમત ગણુના અપરંપાર. ૭
નુત નવિધા તમે સમરપો એ મ્હોટો ઉપકાર;
ગોહિલ વંશ જુગેજુગ જીવો વદીએ વારંવાર. ૮
માધવજી સુત ગીરજાશંકર વદે મુખથી એમ;
હે ઈશ્વર તું તખ્તસીંહને રાખ્ય કુશળ ને ક્ષેમ. ૯—૪૮

ભુતકાળ ન્યાયદર્શન.

ઇંદ્રવિજય છંદ

માર્ય પછાડય કરે બળિયા બહુ ધાડય ધણી વિણુ ધંધ મચાતો,
મંદિર માલ ભરેલ મહા મુલ માલ બધો રસ તેજ લુટાતો;
વારસ વહેચણુ ખેલ ખરેખર જોઇ દિલે ખુબ ખેદ ભરાતો;
હાય હયાપિટ થાય તથાપિન એ જધડો દિલમાંથિ ભુસાતો.' ૧—૪૯
ધામ ધરાધ ન માટય ધડાપિટ રોજ રગી રગી ને જીવ જાતો;
જોર જતુનિ તણે રગમાં ખુબ શાન્ત સુ સજ્જન રોજ મુજાતો;
કાયર કોઈક કલેશ કુપે પડિ આતમ ત્યાગ અફિણુજ ખાતો;
ધન્ય કહું તખતેશ ધણી તુજ ભાલુ ભલિ રિત્ય ન્યાય પમાતો ૧—૫૦

પોલીસ ખાતુ.

ઇંદ્રવિજય છંદ.

ચોર જુગાર ઘણાં જડ કંટક કાપિ કુમારગ શુધ્ય કર્યોછે;
ફાટિપડે ફફડી જટ બાળક તે જનને દીલ ત્રાસ વર્ષ્યોછે;
ઉદ્ધતનુ અધુરૂં વણસે ધર એ પણ આજ બધું સુધર્યુ છે,
ઠામ ઠરી જન કામ કરે સહુ પોલીસનું સુખ પુર્ણ કર્યુંછે. ૧—૫૧

આધુનીક ન્યાય.

મનહર છંદ

ન્યાયની લગામ નેક ઊદારને હાથ આપી;
થપાઇ છે ઠામ ઠામ અદાલતો ન્યાયની.

લડી લોક સામ સામાં ખાસડાથી ખાતાં માર;
આળશિ છે એવી આજ લડાઇ અનાદિની;
ખોટી થાતી ફજેતી ને ફિતુરીના ફેલ થકી;
આળસાવિ અદાલતે બીક એ બડાઈની.
જોર ચોર જુગારીનું ન્યારે કરી નાશ પામ્યું;
એવા જન તણી બીક ગઇછે સદાઇની. ૧—૫૨.

ઇંદ્રવિજય છંદ.

ન્યાયનિપુંણ નરો નિરખી નિરાખી, વર આસન ન્યાયનું દીધું,
પૂરણ હીત પ્રજા હિતમાં ગણી પોશણ પ્રેમશુ અંતર લીધું;
કેમ ગણું ગુણ હુંથિ ગણાયન સર્વ પ્રકાર સુકારજ કીધું;
ધન્ય કહું તખતેશ ધરાતળ ક્ષત્રિ તણું પણ પૂરણ કીધું. ૧—૫૩

લાવણી.

જયનિતી નિપુણ મહારાજ ભજું તખતેશા;
નિતીન્યે ચલાવેરાજ નમું હમેશાં. ટેક.
જગોહિલ ગરીબ નિવાજ નિર્મળા ન્યાયી;
રહો રહેમ રૈયત પર એમ કહું છઊ સ્થાઇ. ૧
નહી જોર જુગારી ચોર કોઇનું ચાલે;
રહે રૈયત રાજી સદા મહાસુખ મહાલે. ૨
દીલ શાશન પામી દુષ્ટ ગયા ભાગીને;
વસ્યો જંબુક જનને ત્રાસ ગયા ત્યાગીને. ૩
જ્યડંકા ચોદીશ આજ ઉજ્વળિ કિરતી;
ભલું ભાવનગરનું રાજ લક્ષ્મી પુરતી. ૪
ખુબ શાન્તિ તણો છે જમાવ જનો હિતકારી;
રહે રૈયત નિતી માંહ્ય સદા સુખકારી. ૫
મેં ભાળ્યું ભવ્ય ભુપાળ રાજ મહારાજા;
જય વિજયવંત તખ્તેશ અચળ રહો તાજા. ૬

કહે ગીરજાશંકર એમ ચરણ બલીહારી;
ખુબ જામો ભુતળ મધ્ય કિર્તિ ભુપ તારી. ૭—૫૪

ભુતકાળ અને આધુનિક વૈદક.

મનહર છંદ.

ડાકલાનિ ડાંડીતણી ભુંડી જે ભવાઇ થાતી,
ધણીનું બચાવ્યું ધન ભુવાની કમાઈ ગઇ,
ગપા મારી ગાંડા જેવા જોશીઓ જે જોશ જોત,
એવા જોશી આળશીને વિદ્યાનિ સવાઇ થઇ,
હકીમો હોકારા પાડી ચોગાનમાં ઉભા આજ,
ભુતડાને ભગાડવા વિદ્યાનિ વડાઈ લઈ,
દેખું આજ ઠામ ઠામ વિદ્યાનો પ્રચાર આમ,
અનંતની મહેર થકી ભુતની ભવાઈ ગઇ. ૧—૫૫

મનહર છંદ.

આંખ આવ્યે રેચ આપે તાવ આવ્યે ટાઢા દેવા
ગુમડાના ગડપર થોર મારે થાબડી,
પેટ દુખે પ્લાસટર માથુ દુખે નસતર,
અકલના આગળની બુદ્ધિ પડે બાખડી;
એવા ઉસ્તાદ આજ સંકેલી પોતાના સાજ,
સુતા જઇ સમશાન ખોટથી ખે ગુદરી,
સાંભળો સજન સઉ ડાંભ તણું દુખ બહુ
અનંતની મહેર થકી એવી પીડા ઉતરી. ૫૬

ઇંદ્રવિજય છંદ.

ઓરાધના ઉપચાર સુકોમળ દર્દિતણું દિલ શાન્ત કરે છે,
રોગ રહીત થઇ જન આશિશ વારમવાર સદા ઉચરે છે;
આમ પ્રચાર સુ વૈદક નોજન ડાકતરને દિલ ઠીક ઠરે છે,
આ જગમાં તખતેશનિ કીરતિ ઇંદુ સમાન સદા પ્રસરે છે. ૧—૫૭

દોધક છંદ.

હે તખતેશ નરેશ હમેશે પીડચ હરી સુખકારી ઉદેશે;
અંતર પ્રેમ કહું વરવાણી રાજી થશે સઉ સજ્જન જાણી. ૧
ઔષધશાળ વિશાળ બનાવી દ્રષ્ટિ દયા મય તેં દરસાવી;
જ્ઞાનસુધા વસુતાળ જામો આયુશ આ જગ અમર પામો. ૫૮

વસુલાતિ ખાતું.

ત્રોટક છંદ.

વસુધા સુધરી વસુલાત્ થકિ જન ખેતિ કરે બહુ હોંશ ધરી;
કર કોમળ રાય તણા પ્રસર્યાં દુખ દોશ દરિદ્રિ તણા નિસર્યા. ૧
રસ મસ્ત થઈ વસુધા વરસે જન ખેતિ કરે ખુબ આદરસેં;
કૃશિકાર કરે ખુબ રાજી રહે ભુપરાજ અખંડિત રોજ ચહે. ૨-૫૯

મનહર છંદ.

જમાબંધી વિશે જર "જોર લેવાતું નથી"
"કૃશિકાર કોડે એમ" મુખથી ઉચારે છે,
ધરા ધણી તણી જાણી કામે છે કોડીલાં લોક
ઠામ ઠામ ઠરી જન ધાન્યને ઉગાડે છે;
પાટિદાર રાખ્યા પ્રીતે પાક નિપજાવા રૂડા
ખરેખરી કેળવણી ખેતીની અપાય છે,
આમ દેખ્યું ગાંમ ગાંમ ધરાનુ સુધારા કાંમ
કહે ગીરજાશંકર રસીક આ રાજ છે. ૧--૬૦

મ્યુનીસીપાલીટી અને ઉદ્યમ.

મનહરછંદ.

સુખના સાધન રૂડાં પ્રકાશ પાંણીને હવા
ગંદકી સુધારનાર પુરતાં પમાયછે,
કર એવો શબ્દ કદી કાને નથી સાંભળ્યો મેં;

કરતો કોમળ ભાવ ભુપના ગણાયછે.
આળસ ને અગનાન જનમાં જણાય નહીં;
અજગર અને આનો પશુમાં જણાય છે,
કવિ તણી કલમ જો રાત્ય દીન રચ્યા કરે;
તોય ભાવ ભુપ તણા ગુણ શું? ગવાયછે. ૧—૬૧

ઇંદ્રવિજય છંદ

ભાગિગયું ભર બીક ધરી ઉર પાપ પ્રપંચ અસત્ય અનાડી;
ગોહિલ વંશ વધારણ ભૂપતિ હાક થકિ ભુડી રૂઢી હઠાડી,
સત્ય સુધારક પુર્ણ પ્રજાહિત ટાળક દેશ દશા દુખકારી;
ધન્ય કહું તખતેશ ધણી શુભ રાજનિતી બધી એમ સુધારી
૧—૬૨.

ઇંદ્રવિજય છંદ.

રીપુરણે પડજો સક પાપિજ હાય કરી હઠી જાઓ મુખેથી,
શીર લિયે ફિટકાર ફરી ફરિ ફાટિપડો નૃપ તારિ બીકથી;
પૂરણ પ્રાક્રમિ આપ તણો જય શત્રૂ તણો જટ નાશ થવાથી;
એમ ચહે નૃપ આ મમ અંતર વિશ્વ વિશે તમ ખ્યાત
થવાથી—૬૩.

અનાશ્રીતોને અપાતો આશ્રય.

નારાચ છંદ.

સુખી કરો અનાશ્રિતો અગાધ પ્રેમ આણિને,
અપાય દાન અન્નનું સદાય દુખિ પ્રાણિને;
શિત ઉશ્ણ કાળમાં સહાય સભ્ય આપવા,
સુવસ્ત્ર આપિ પ્રાણિને દુખો થકી ઉગારવા. ૧
અપાય ભક્ષ ભોજનોસુ ભાવતાં સુખે કરી,
અસહ્ય આધિ વ્યાધિને સમાવવા કૃપા કરી;
અથાગ પુણ્ય એહ છે સુભાવ ભૂપ રાજ્યમાં,
ગણી શકે ન કોઇ ગુણ પાર એહ પામવા. ૨—૬૪

વેદશાળા અને સંસ્કૃત શાળા.

ત્રોટક છંદ.

ગિરવાંણ ગિરા ઉતકર્શ થવા શુભ શાળા સ્થપાવિ સુખે ભણવા;
ભણિ શાસ્ત્ર ભલા વિદવાન બને બહુ આશિશ દે મુખથી નૃપને;
વર વેદતણી ગણિને મહતા દ્વિજ ધર્મ સદા ભણિ સાચવતા;
ખરૂ આર્યતણું અભિમાન દિલે ભુપ અંતરમાં બહુધા ઉછળે. ૨
ગણું કેમ ગણાય હુંથી ગણના પ્રણમી પ્રણમી ઇશ આ જગના;
નૃપતી તખતે શચિરાયુ રહો દઉ આશિશ અંતરથીજ ગ્રહો;
૩—૬૫.

મનહર છંદ.

સાધનોએ સિદ્ધ જ્યારે કરી આપ્યું રાજ રૂડું;
રાજી થઇ આપ્યો રૂડો ચાંદ મહારાણીએ,
જી. સી. એસ. આઇનો છે ચળકતો ચાંદ રૂડો;
પુર્ણિમા પ્રમાણે તેજ વખાણું શું વાણીએ.
જશ જેના ઉજળાથી દીશાઓ દેખાય રૂડી,
ભલો ભોજ પ્રગટ્યો છે ભુતળે પ્રમાણીએ,
કવિ અને કોવિદનું કલ્પતરૂ જાણ્યું એક,
તખ્તસીંહ મહારાજા વિવેકે વખાણીએ. ૧—૬૬

લોકપ્રિય ગવરનર લૉર્ડ રેએ ઇલકાબ આપતી વખતે કરેલા ભાશણનો સાર.

ઇંદ્રવિજય છંદ.

ભાખ્યુ મુખે કરિ સર્વ સમિપજ રાજસભા મહિ સર્વ સંભારે,
આજ અનુકરણ રાજ કરો સહુ ગુણિ ગવર્નર કે દિલ ધારો;
આદ્ય અનાદિથી દીપિ રહ્યો શુભ ગોહિલ વંશ મહા ગુણકારો,
તાજ તપો તખતે તખતેશનું આશિશ અંતરમાંથિ ઉચારો.
૧—૬૭.

મહારાજાના રાજ્ય વિશે પ્રવાસ કરિ આવેલા પાંથિકનો અભિપ્રાય.

હરિગીત છંદ.

જોયુ અમે જુગતે કરીને રાજ શ્રી તખતેશનું,
ઘણું ચળકતાં છે શહેર રૂડાં સ્વચ્છતા હું શું ભણું;
પ્રથમ નીહાળ્યું નગ્ર રૂડુ ભાવ નગ્ર સોહામણું,
ભુમધ્ય ભુશણુ ભારતિનુ એવી ઉપમા ત્યાં ભણું. ૧-૬૮
ઘણી સ્વચ્છતા સોહામણી લોભામણી અંતર વિશે,
મન ભ્રમિત થઇ ભુલુ પડયું શું !! ઇંદ્ર અમરા આ હશે;
વળિ મન વિચારી જોઉ તો !! અલકાપુરી સં શોભતું,
જશુનાથ મંદિર દેખિ સુંદર માહરૂ મન લોભતું. ૬૯
વળિ મેં વિચારી પુછીયું કહો કોનુ આતે રાજ છે,
જન કહે સાંભળ ભાઇ આંહી તખ્તસીંહનુ રાજ છે;
રૈયત રહે રાજી હમેશાં ભુપનો ભલો ભાવ છે,
સુખ સર્વ વાતે પામિએ દિલ દયાના દરિયાવ છે. ૭૦
જન વાયકા એ સાંભળી જોયુ મેં આખા શહેરને;
પાણી પ્રકાશ પમાય રૂડાં હવા શીક મકાન છે;
વેપારી મોટા વણિકના વેપારમાં મદમસ્ત છે.
ધંધો ચલાવે ધિકતો સાધન તણી બહુ બહોળ છે. ૭૧
રૂડી રેલવે ચાલે ભલી વળિ તાર ટેલીફોન છે,
છે મીલો મન સોહામણી ઇશ્વર તણી ઘણી મહેર છે;
એ જોઇ ત્યાંથી સંચર્યો બોટાદ ગઢડા ગાંમ છે,
ભલી ભાળી યુકતી ધર્મની જ્યાં ગોપીનાથ નિવાસ છે. ૭૨

દોહરો.

ઉમરાળા અંતર થકી જોયું ધરિને ભાવ;
સ્વચ્છ સુઘડતા શોભતિ સુંદર રાંજ જમાવ. ૭૩

દોહરો.

સીંહપુર જાવા પછે મનમાં કર્યો વિચાર;
ગૌતમનાથ ગીરિપરે નમવા વારંવાર. ૭૪

ઇંદ્રવિજય છંદ.

ગૌતમનાથ ગિરીપર રાજત છાજત લક્ષ્મિ લ્હેર બહોળે;
પાત્ર પવિત્ર ધરેછ ઘણા જન વૈશ્ય વેપાર કરે ચક ચોળે;
સ્થાન પવિત્ર પુરાણુ સુશોભિત સિદ્ધ થકી ઉત્તકર્શ થયેલું,
આજ મહા તખતેશ પ્રતાપથિ જોયુછ લક્ષ્મિ લ્હેર ભરેલું. ૭૫

ઉદ્યમ.

ઇંદ્રવિજય છંદ.

આપ્યું ઉત્તેજન તે જનને બહુ જે જન ઉદ્યમિ ત્યાંજ વસે છે,
કારિગરી કરનાર જનો જટ ઉદ્યમ લૈ પરદેશ ધસે છે;
સીંહપુરે જઇ ને જલદી જન જોજન ઉદ્યમ કરે છે,
આળસ અંતરથી તજને જટ દોશ દરિદ્ર દબાવણુ જે છે. ૭૬

રેલ્વે.

મનહર છંદ.

રેલવેથી રીઝ્યુ મન શાણા શાહુકાર તણું,
ઉદ્યમની ગાડી નકી આગગાડી આજ છે,
વૃદ્ધ યુવતી ને બાળ મટો મુસાફરી ફાળ,
જોઈ આજ એવો કાળ પ્રવાસે પળાય છે;
જવા જન બીજે ગામ ધરતા ન કદી હામ,
કરે ઉદ્યમથી કાંમ આળસ ઉઠાડયું છે,
શરદીના દર્દિનું ઉદ્યમિ બનાવ્યું અંગ,
એવું આજ રાજ રૂડું તખ્તશીંહ રાજ છે. ૭૭

દોહરો.

પુરણ પ્રેમે પરખીયું રૂડુ લીલીયા ગાંમ;
રસકસથી ભરપુર છે સુંદર જેનું નામ. ૭૮

દોહરો.

કુંડલપુર જાવા પછે મનમાં કર્યો વિચાર;
નિરખી નોતમ ગામને દિલમાં વળ્યો કરાર; ૭૯

લાવણી.

નોતમ ગંગા નાવલ વ્હેતી ઉભય ત્રટે સુંદર દૂપ ગાંમ;
ગોકુળ મથુરાં ઉપમા આપું સ્થાપું જગદીશ્વરનું ધામ. ૮૦
વિદવત્ત જન જ્યાં વાસ કરે છે નાવલ ગંગાનિ બહુ મહેર;
કાવ્ય કળા કુશળ જન સંપન વસુધામાં જેમ નિધી રહેલ. ૮૧
વેદાધ્યન વિધારથી કરતા ગૌરીશંકર પુર્ણ પ્રતાપ;
પશ્ચિમ ત્રઠમાં શાંભ બિરાજે સત્યપણાની દરશીછાપ. ૮૨
સાધારણ વેપાર ચલાવે વૈશ્ય વ્યાજને બહુ ખાનાર;
નરનારિ ને નિશદીન નિરખ્યાં લક્ષ્મી લ્હેર બહુ ચહાનાર. ૮૩
રાજ ભક્તિ અંતરમાં ઉછળે, ભજે સદા તખતેશ ભુપાળ;
માગે મુખથી ઈશ્વર પાસે અમર રહો તખતેશ ભુપાળ.૮૪

મનહર છંદ કવિત.

જોયું અમે જુગતેથી ફરી ફરી ને તમામ,
દીઠાં દિવ્ય દેવાલયો દરબારનો દમામ;
ગોહિલવંશીનું રાજ ઘણા દીઠા સુખ સાજ,
પ્રજા તો પવિત્રપણે રાજ ભક્ત છે તમાગ.
ચાહના ચહે છે એમ ચાતકને સ્વાન્તિ જેમ,
પુરો પ્રજા તણો પ્રેમ નીરખ્યો મે ધામ ધામ,
શાણા સરદારો રહે વિધાગાં કુશળ એવા,
અધિકારી દેખ્યા અમે પ્રજા હિતના તમામ. ૮૫

મનહર છંદ.

કુંડલામાં કુરૂણાળું કારભારી દેખ્યા અમે,
હરીશીંહભાઇ ભલા દીલના ઉદાર છે;

રાજ્યનું પવિત્ર રત્ન ખરી ખાનદાન છાપ;
કુશળ સુરાજ કાજ પ્રજાપર પ્રેમ છે;
વિવેકીને વિદ્વાન કાવ્યની પુરી પિછાણ,
સજનને સારી રીતે જાણવા જરૂર છે;
જેના સમાગમ થકી આનંદ અધિક થાય,
જાય છે જરૂર ભુલ્ય રત્ન એ અમુલ્ય છે. ૮૬

દોહરો.

મારગ શ્રી મહુવા તણો વર્ણવવા આવાર;
અંતર ઇચ્છા ઉપજી જનમન સુખ કરનાર. ૮૭

મનહર છંદ.

કુંડલેથી મહુવે જવા, મુશકેલી મારગમાં,
નડતી જે નિશદીન સૌ કોઇ જાણે છે;
બળદીયા બેશી જાય આમળીને ઉભા થાય,
ધણી તણો માર ખાય એવું જ્યા વેઠેલ છે;
મારગમાં મનુષ્યને પાણી પીવા મળે નહીં,
ઉનાળાનિ આપદાઓ આજ અળસાવી છે;
જુઓ જન એવા કામ તખતેશનાં તમામ,
વેપારની સુગમતા ઠામ ઠામ જારી છે. ૮૮

ઇંદ્રવિજય છંદ

સિદ્ધિ ચલાવિ સુ સડક બંદર નીતિ તણુ નિર ત્યાંજ ભર્યું છે,
એ પરમારથ સ્વારથ લેશ ન ગોહિલવંશથિ ધર્મ રહ્યું છે;
આજ યુદ્ધિષ્ટરનું કુળ ઉત્તમ ઉધમનુ ઉતકર્શ કર્યું છે,
આ જગમાં તખતેશ જેવા નૃપ ઉત્તમ ધર્મનું કાર્ય કર્યું છે. ૮૯

દોહરો.

મહુવા મનરંજન ગણું સુખ કર છે સિંધુ કંઠે;
દાહક દોશ દરિદ્રનું અંતરથિ અનિતી હઠે. ૯૦

મનહર છંદ.

વસે વિદ્વાનો ઘણા વિદ્યાલયો દેવાલયો,
દેખી દિલ રીઝ્યું મારૂં મનોહર મહુવાથી;
શ્રીફળ ફળેલાં ભાળ્યાં બાગ નજરે નિહાળ્યા,
દીનો તણા દુખ ટાળ્યા અખુટ ઉદ્યમથી;
પરસ્પર પ્રીતી ધરી વસે વરણો અઢાર,
આઠેયામ સુખકાર રહેછે સુસંપથી;
ભાવ ભુપતણું રાજ કીધા બહુ સુખ સાજ,
ઉદ્યમી જનોને માટે અંતર ઉમંગથી. ૯૧

દોહરો.

ત્યાંથી તળાજા સંચર્યો, જોવા રાજ્ય જમાવ,
અધિક અધિક દેખી દિલે, વધે વિશેશે ભાવ. ૧-૯૨

ઇંદ્રવિજય છંદ.

નાજુક નિર્મળ ગામ મનોહર સિંધુ ત્રટેથિ સમીપ રહેલું,
તીર્થ પવિત્ર ગણાય ગિરીપર, પ્રાચીન દેહ મહત્વ ભરેલું;
થાય પુનીત ઘણા જન ત્યાં ચડિ દર્શન લાયક ખુબ ઠરેલું,
ભાવ ભુપે કર માફ કર્યા થકિ સત્ય સદા સ્થળ ત્યાં વિલસેલું. ૯૩

દોહરો.

જોઇ તળાજા જુગતી શોભા અપરંપાર;
પછે બાલ જાવા મને મનમાં થયો વિચાર. ૯૪

મનહર છંદ.

બાલમાં ભરેલા પાકે ઘણી ચણ્યા સારી રીતે,
મચ્છરનું ચોમાસામાં જોર જ્યાં જણાય છે;
સખત સજાને માટે જેલર જેવું જણાય,
જેવાં કામ કરે તેવી ડીગરી પમાય છે;
એમ આખું રાજ જોઇ ગયો પછે ભાવનગ્ર,

મન મહા મોદ પામ્યું એવું ધર્મ રાજ છે;
જોઇ પછે જુગતી મેં યજ્ઞ યાગ તણી જેહ,
સાંભળો સજન સઉ મહારૂદ્ર મહેર છે. ૯૫

મહારૂદ્ર યજ્ઞ સમારંભ.

ઇંદ્રવિજય છંદ.

યજ્ઞ સારંભ છે અતિ ઉત્તમ મ્હેર મહારૂદ્ર કેરિ બહુ છે,
વેદ ભણેલ ઘણા જનનુ વીધિ પુર્વક જ્યાં સનમાન કર્યું છે;
શાસ્ત્ર સિધાન્ત શિખેલ ઘણાજન, શુદ્ધ ઉચારથિ શાસ્ત્ર ભણે છે;
ભાવ ધરી તખતેશ મહાભુપ આદરથી મહારૂદ્ર કરે છે. ૯૬

ભુજંગી છંદ.

અહો આજ આનંદ દીઠો ઘણેરો;
મહાધર્મ રૂપે ધરાએ ધરેલો;
જનો સર્વ આનંદની વૃતિ ધારી,
મહારૂદ્ર કેરી થતી આ તયારી. ૧
બધા વિશ્વનો આંહિ આનંદ આવ્યો,
જાણે ભાવ ભૂપે અહીંયાં તેડાવ્યો;
દિઠો આજ આનંદ મેં દેહ ધારી,
મહારૂદ્ર કેરી થતી આ તયારી. ૨
મહા મુલ્ય વસ્ત્રો જને અંગ ધાર્યા,
જાણે સ્વર્ગથી દેવ આંહી પધાર્યા;
જનો વૃદ્ધને જાણ જુવાનિ આવી,
મહારૂદ્ર કેરી થતી આ તયારી. ૩
ધ્વજાને પતાકા ધર્યાં સર્વ ધામે,
ઘણા શોભિતાં જોઈને હોંશ જામે;
મહા વાદ્ય વાગે સદા હીતકારી,
મહા રૂદ્ર કેરી થતી આ તયારી. ૪

સદા વીપ્રને ભોજનો તો અપાયે,
સુખે વિપ્રના ચિત સંત્રપ્ત થાયે;
અહો!!! શું કહું એક મૂખે ઉચારી,
મહારૂદ્ર કેરી થતી આ તયારી. ૫—૯૭

ત્રોટક છંદ.

મળિ વિપ્ર સરૂ વર પાઠ કરે,
મનરંજીત વાણિ મુખે ઉચરે;
હુત દ્રવ્ય અને ઘૃત હોમ કરે,
જનુ શાન્ત સુધા નભથી વરસે. ૧
મન મોદ સદા તખ્તેશ ધરે,
વિત વાવરતા અતિ આદરસેં;
કવિ કોવિદનું સનમાન કર્યું;
નૃપ દીલ વિશે શુભ ધર્મ ધર્યું. ૯૮

મનહર છંદ.

સજન ન સમાગમે મનહુલ સીત થાય,
એવા જન મળેલાથી આનંદ પમાય છે;
વિદ્યા તણી વાતો રૂડી શાસ્ત્રના ઉચાર સારા,
અર્થ કરી સમજાવા સભાઓ રચાય છે;
નાસ્તિકનું મન પણ આસ્તિક થઈને જટ,
ધર્મ ધારવા પળાય એવું જ્યાં જોયેલ છે;
વિદ્વાન તણી વાતો સાંભળી સુપ્રેમ ધારી,
ભુપે ભલી રીતે અને મનમાં ધારેલ છે. ૧—૯૯.

મનહર છંદ.

કૈલાશ થકી શીવ કરૂણા કરીને આવ્યા,
તખ્તેશ નામ તેનું વિધિએ ધરાવ્યુંછે;
વૃદ્ધ યુવતીને બાળ દરશને દોડયાં જાય,

મનમાં આનંદ થાય એવું ત્યાં જોયેલ છે;
રાધા કૃષ્ણ તણાં રૂડાં મંદીર શોભાવ્યાં ભૂપે,
કહું હું શુ જીભ થકી શોભા સ્વર્ગ તુલ્યછે;
વાણી જો વખાણ કરે તોય પાર નવ લહે,
કવિ તણી કલમે શુ ? ! ગુંણ એ ગવાયછે. ૧૦૦

ઇંદ્રવિજય છંદ.

આનંદ એમ અથાગ થયો જાણુ આજ યુધિષ્ટરે યજ્ઞ કરાવ્યો;
રાજસુયજ્ઞનો રંગ રૂડી રિત આજ ભલી રિત ભૂતળ ભાવ્યો;
દાન દિધા દિનને બહુ પ્રીતથિ યજ્ઞ સમારંભ પુર્ણ કરાવ્યો,
ભાવ ભુપે ભલિ રીતથિ, ભુપર શાન્ત સુધા રસને વરસાવ્યો. ૧૦૧

પાટવિ કુમાર શ્રી ભાવસીંહજી ભાઇના વિવાહનો પ્રસંગ.

મનહર છંદ.

ભુપે ભલા વિવા કર્યા ભાવસીંહ ભાઇ તણા,
રાજા રજવાડાં ઘણાં હોશે ત્યાં આવેલ છે;
આનંદ અથાગ વાધ્યો દીવાળીના દીન જેવો,
દેખાવ દેખીને મન હરશીત થાય છે,
દીનો તણા દુખ ટાળ્યાં વિત વાવરીને ઘણું,
કવિ કોવિદને મન અતિ આનંદ છે,
માહારાજા તખ્તશીંહ ધર્મ ધુરીંધર કહું;
સર્વે જન સુખી થયાં એવું ત્યાં જોયેલ છે. ૧૦૨

દોહેરો.

પાંથિક જન એવું વદે ભાવનગરનું રાજ;
અચળ રહો તખ્તેશ નૃપ ગોહિલ ગરીબનિવાજ. ૧૦૩

સંક્ષિપ્ત ઇંગ્લાંડ પ્રવાસ.

લાવણી.

પ્રવાસ કરવા પ્રીતી ઉપજી વેગે વિલાયત દેશ નરેશ;
જ્યાં સુધરેલાં જનો વસે છે જોવાનું જાજું હમેશ. ૧
શાણી આ સરકાર ચલાવે રૈયત ઉપર કેવું રાજ;
એ જોવાને ઉદેશ ઉપજ્યો તખ્તસીંહજી ગરિબ નિવાજ. ૨
જ્યાં જાજી સુધરેલી રીતયો વ્યુહ યંત્રના અદકા ખેલ;
જનો વસે જ્યાં બહુ સુધરેલાં કેળવણી જાજી પામેલ. ૩
સાનુંકુળ કુદરત છે જેને ચડનો કરવામાં સુખકાર;
એ જોવાને અંતર ઇચ્છયું તખ્તશીંહ અભિરામ ભુપાળ. ૪–૧૦૪

દોહેરો.

રૈયતના સુખ માટય એ કરવા ગયા પ્રવાસ;
પામો ઉજ્વળ કીરતી શત્રુ થાઓ નાશ. ૧૦૫

પ્રવાસ આશિરવાદાત્મિક ગુંણ કથન.

સવૈયા છંદ.

હે ઈશ્વર તું પાહિ મહેશ્વર પુરણ પ્રેમ સદા પ્રસરાવ્ય,
ભક્તિ નીરંતર અંતરમાં દઇ રાજ તરફ ખુબ પ્રેમ રખાવ;
ગોહિલ વંશ ગુણાનિધિ રાજા તખ્તસીંહ તું રાજ જમાવ,
હે ઇશ્વર તું મ્હેર કરીને વફાદાર હમને કહેવરાવ. ૧
વિવિધ પ્રકારે વિત વાપરી અમને અધિકું દીધુ સુખ,
ન્યાય નિરંતર શુદ્ધ દઇને કાપ્યું છે અંતરનું દુખ;
પુત્ર તુલ્ય પાળે છે અમને એથિ અધિકું લાડલડાવ્ય,
હે ઈશ્વર તું મ્હેર કરીને વફાદાર હમને કહેવરાવ. ૨
રાજ મ્હેરથિ રસકસ જામે પ્રજા પુર્ણ મનમાં હરખાય,
વફાદાર થઇને વરતે છે એવા કૃત્યો નિત્ય કરાવ;
પુરણ પ્રેમે રાજ ચાહતા અંતરમાં અમને ઉભરાય;

હે ઇશ્વર તું મ્હેર કરીને વફાદાર હમને કહેવરાવ્ય. ૩
આજ સુહાવે પુણ્ય કળમાં સુધારાનો સુખકર ચંદ્ર,
આંજ પધાર્યા તખ્તસીંહજી માહારાજા ગોહિલ રાજેંદ્ર;
પ્રવાસથિ પુરણ સુખ હોજો એવી આશિશ આજ ભણાવ્ય,
હે ઇશ્વર તું મ્હેર કરીને વફાદાર હમને કહેવરાવ્ય. ૪
યુરોપ મધ્યે સ્વતંત્રતાના કીર્ણો ચળકે સુર્ય સમાન,
એ કીર્ણો અનુભવવા માટે પ્રવાસ કીધો નૃપ ગુણવાન;
સ્વતંત્રતાની છાપ બેસાડી જયજયકાર સદા વરતાવ,
હે ઇશ્વર તું મ્હેર કરીને વફાદાર હમને કહેવરાવ્ય.૫-૧૦૬

દીંડી.

પ્રજા પ્રેમ નેમ સર્વ દીલધારો,
નીતિધર્મ રાજ તર્ફ સૌ વધારો;
શુભ ગુણ રાજ રાજ્યના સંભારો,
પ્રજા પ્રેમ નેમ સર્વ દીલધારો. ૧
ઇશ આપશે અખુટ સુખ એમ,
પ્રીતે પાળશો સુ રાજ ધર્મ નેમ;
રહો રાજ પ્રજા સર્વ ક્ષેમ ક્ષેમ,
પ્રજા પ્રેમ નેમ સર્વ દીલધારો. ૨
નીતિ શાસ્ત્ર બોધને સરૂ સંભારો,
શુભ કાર્ય સ્તૂતી અંતરે ઉતારો;
હિપ્ હિપ્ હુરરે હુરરે ને ઉચારો,
પ્રજા પ્રેમ નેમ સર્વ દીલધારો. ૩—૧૦૭

મનહર છંદ.

એહ યાદગીરી રેવા પ્રજાએ પ્રીતી ધરીને,
બાવલું બેસારવાને ફંડ ઉપજાવ્યું છે;
કેહો દેશી રાજ વિશે કોણે આવાં કામ કર્યાં,
વફાદારી બતવવા પ્રજા કયાં તૈયાર છે. ?

ભાયાતોમાં ભલો સંપ ભાળ્યો કહો ક્યાંઇ તમે ?
ભાવ ભુપ રાજ્ય જેવું થોડેજ જણાય છે;
કહે ગીરજાશંકર રાજ એવું સુખકર,
કરે કામ આવા સઉ એથી આ રચેલ છે. ૧૦૮

દોહરો.

રત્નો રાખી રાજ્યમાં, રાજા ગયા વીદેશ;
રૈયત રાજી થાયછે, દેખી દીલ હમેશ. ૧૦૯

રાજ્ય રત્ન.

(રાગ ચામર અને નારાચ છંદ ને મળતો.
આજ દેશ દેશમાં, વિદેશમાં ગણાય છે;
ભાવ ભુપ રાજ રાજ્યના, વખાણ થાયછે. ૧
ભુપતી પ્રજા પ્રત્યે, સું પ્રેમ રહેમ આણીને;
વિશેશ સુખ આપવા, રચેછ રિત્ય જાણીને. ૨
પ્રવિણ પારખ્યું કરી, વિદ્વાનમાં આવવા;
મથેછ ન્યાય કામમાં, સું બુદ્ધિ બુદ્ધી રાખવા. ૩
પ્રધાનમાં પવિત્ર રત્ન, વિઠ્ઠલભાઈ એક જે;
ધન મંતરી સમાન, બરજોરજી ગણાય છે. ૪
ઘેલાભાઇ ન્યાય, કારભારમાં જણાય છે;
સાહેબ સીમ્સ ઇજનેર, કાંમ વખણાય છે. ૫
નાયબ દીવાન નામ, ડોસાભાઈ જાણવું;
વસુલાતમાં સું રત્ન લલુભાઇને વખાણવું. ૬
કેળવણી વિશે સું રત્ન, રતીલાલ ભાઈ છે;
રાજનું પવિત્ર રત્ન, હરીસીંહ ભાઇ છે. ૭
પોલીસમાં પવિત્ર રત્ન, તૈમુલ ગણાય છે;
નર્મળા સું રત્ન એહ, રાજ્યમાં સુહાય છે. ૮
અધિક છે ઉજાશ આજ, રત્ન એ અમુલ્ય છે;
ભાવ ભુપ ભાનું આજ, ગાદીએ બીરાજે છે. ૯

પ્રજા સું પ્રેમી કંજ ખુબ, પ્રફુલ્લીત થાય છે;
આનંદનો સમુહ ખુબ, ભાવનગ્ર મધ્યછે. ૧૦—૧૧૦

દોહરો.

ભાવનગરનો ભુપતિ, ગોહિલ ગરીબ નિવાજ;
પહોંચ્યા જઇ યુરોપમાં, તખ્તસીંહ મહારાજ. ૧૧૧

ઇંદ્રવિજય છંદ.

લાયક લેખિ વિલાયતમાં ભુપ માન મળ્યું મહારાણિ થકી જે,
સંગ્રહ સ્થાન ખુલું મુકવા ભુપ તખ્તસિંહે વર ભાગ લીધો છે;
પ્રીત ધરી મહારાણિ કહે નૃપ તખ્તસિંહે સરસાઈ કીધી છે,
ઉત્તર આપિ ભુપાળ કહે જટ આપ કૃપા થકિ સર્વ થયુંછે. ૧૧૨

વિલાયતના લાયક પુરશોનો અભિપ્રાય.

મનહર છંદ.

માજી રાજ કન્યાશાળા તખ્તસીંહ ધર્મશાળા,
દીવાન શામળદાસ પાઠશાળા સારી છે;
પ્રજા માટે ઠામ ઠામ કરાવ્યાં સુધારા કામ,
પ્રજા પ્રતિપાળક એ તખ્તસીંહ રાજા છે.
એવા મહારાજા આવ્યા આપણા દેશમાં ત્યારે,
યોગ્ય સનમાન એનું કરવા જરૂર છે,
એમ ધારી મોટા લોક મળવાને આવે સઉ;
સજન સ્વભાવ જેનો સદાય ગનાય છે. ૧૧૩

કેમ્બ્રીજની યુનીવરસીટી તરફથી મળેલો ચાંદ.

મનહર છંદ.

ન્યાય શાસ્ત્ર વિશે વડા વિદ્વાન કહેવાય છે,
ન્યાય શાસ્ત્ર બાંધવામાં કુશળ જણાય છે,

પોતાની પ્રજાને પુરો ન્યાય આપવાને માટે,
ગ્રંથ તો ગ્રથાવ્યા રૂડા નીતિથી ભરેલ છે;
ન્યાયમાં નિપુંણ જાણી અંતરમાં પ્રીતિ આણી,
યુનીવરસીટીએ સુ ચાંદતો આપેલ છે;
અહો તખતેશ ગુંણ ગણુ હુંતો કેટલાક,
પાર પામવાને મારી મતિ મુશકેલ છે. ૧૧૪

લાવણી.

પ્રવાસ કરી મહારાજ પધાર્યા જન મન આનંદિત થાય;
શાણી પ્રજા શુભ માનને આપે રાજ ભકિત અંતર ઉભરાય. ૧
અનુભવી સુધરેલી રીત્યે અંતરમાં કીધો અભ્યાસ;
પુરણ પ્રીતે ગોહિલ નૃપતિ વરસાવે અમૃત વરસાદ. ૨
સુંદર શોભા ભાવનગરની ભુમધ્યે આ ભવ્ય જણાય;
કવિ કલમથી કોટિ ઉપાયે યથાસ્થિત વર્ણન નહીં થાય. ૩
ઘર ઘર પ્રત્યે આનંદ ,વરત્યો નરનારી વૃદ્ધ ને બહુ બાળ;
મહોચ્છવ સમ શહેર શોભાવ્યું વિધ વિધ રચના કીધી રસાળ. ૪
શાણા મંત્રિ સામે જઇને નૃપને અધિકું આપે માન;
સાહેબ સીમ્સ ડોસા ભાઈ આનંદ અંતર સુધા સમાન. ૫
નિપુણ નિહાળ્યાં રાજ રત્ન ત્યાં અંતરથી ભાગે અગનાન;
ભાવનગર ભુપ ભાનું ભુતળમાં અહો રાત્ર રહો તેજ નિધાન. ૬
કુસમ ઉછાળી જય જય બોલે શાણી પ્રજા સુંદર સુખકાર;
નૃપતિ અંતર ભાવ ધરિને અંતરથી માને ઉપકાર. ૭
પુર પ્રવેસ્યા ભુપતિ જ્યારે જયધ્વનિ ગર્જીત ગુંણકાર;
શબ્દ પુરાયો વિગતમાંને વિશ્વ મધ્ય વરત્યો જયકાર. ૮
દીવ્ય દીવસ દીવાળી જેવો જળ હળ જળ હળ જ્યોત પ્રકાશ;
મોકિતક તોરણ ધ્વજા પતાકા શોભાવ્યાં સુંદર ઘરબાર. ૯
ગોખ જરૂખા બારી અટારી પુષ્પ તણો વરસે વરસાદ;
શું શોભા મુખથી કહેવાયે વર્ણવતાં વિધિના વેપાર. ૧૦

આ ઉચ્છવની યાદ રહેવા પ્રજા અંતર ધરિને પ્રેમ;
ભુપ પ્રતિષ્ઠા ભુપર કીધી અંતરમાં અધિકું ધરિ નેમ. ૧૧
જય જય બોલી જન સર્વે આ શાણી પ્રજા સુંદર ગુણ ગાય;
ગીરજાશંકર ગોહિલ નૃપતિ જુગો જુગે જશ નામ જપાય.૧૨-૧

મહારાજાને આશિરવાદ.

રાગ કલ્યાણ.

જય વદો સહુ જશ વધો બહુ } ટેક
ભાવનગર ભુપ તણો જય વદો સહુ }

ચંદ્રવંશ મંડન મણી તખ્તસીંહ ભુપાળ;
દીન દીન પ્રત્યે ચડતી હોજો આશીશ દે આ બાળ. જય. ૧
ચંદ્રવંશના રાજા જે જે થયા પ્રાક્રમિ પુર;
આ અવનિમાં એમજ પ્રગટ્યા તખ્તશીંહ જગ શુર. જય.૨
અર્જુન જેવા અતિ પ્રાક્રમિ શરણાંગત પ્રતિપાળ,
આ અવનિમાં એને દેખું તખ્તસીંહ ભુપાળ. જય. ૩
ભીમ પરાક્રમ અતિ ભયંકર દુસ્મન કેરા કાળ;
ધર્મ તણા ધારીંધર કહિએ તખ્તશીંહ ભુપાળ. જય. ૪
સત્ય તણી સંપજ કહિએ ન્યાય તણા સીરદાર;
આ ભુતળમાં ભાવે પ્રગટ્યા ધર્મ તણો અવતાર. જય. ૫
ક્ષત્રી કુળ દીપક ચંદ્ર કહિએ પુર્ણ કળા ગુણ જાણ;
ઉદ્યોત કળા સમ તખતે તપજો ભાવનગરનો ભાંણ.જય૬
હે ત્રીપુરારિ તુજને વિનવું કરિ પ્રણામ પ્રણામ;
દીર્ઘાયુશ દ્યો તખ્તશીંહને એ ઉરમાં છે હાંમ. જય. ૭
માધવજી સુત ગીરજાશંકર વદે મુખથી એમ;
હે ઇશ્વર તું તખ્તસીંહને રાખ્ય કુશળને ક્ષેમ. જય. ૮—૧૧૬

ઇંદ્રવિજય છંદ.

તેજ તપો તખતે મકરાર્ક મહીતળમાં શત વર્શ સહસ્ત્ર,
નિદ્ધિ અને વળિ સિદ્ધિ હજો હય હાથિ હજો સુખપાલ સુ છત્ર;
ધાન્ય અને ધન ધામ ધરા ધરણીધર એહ અખુટતું આપો,
વિશ્વ વિશે વિશ્વનાથ સદા તખતેશ ચિર્યાયુ સુખી કરિ રાખો. ૧૧૭

શાર્દુલવિક્રીડીત છંદ.

વીરંચીસ્તનયા જીહવા અરહિને આપે રૂડી બુદ્ધિને,
રત્નાં બોધિ સુતાસુ દક્ષિણ કરે વાસો વસીને રહે;
બુદ્ધી વૃદ્ધિ સમૃદ્ધિ સિદ્ધિ સુખસો આપે શમ્ભુ આપને,
પામો પુર્ણ પ્રતાપ તેજ તખતે ભૂપઃશ્રિ તખ્તેશ તે. ૧૧૮

ગ્રંથપ્રયોજન.

ઇંદ્રવિજય છંદ.

લાલચથી લપટાંઉ નહી વળિ વાકય જુઠું મુખથી ન ઉચ્ચારૂં,
સત્ય કહું સમજો સઉ સજ્જન સ્નેહથકી શુભ વાત વિચારૂં;
દાન ધરાધન ધામ જુવે નહિ ઉદ્યમમાં સુખ અંતર ધારૂં,
આપ્યું ઉતેજન અંતરથી બહુ તે જનના ગુણ ગ્રાંમ સંભારૂં. ૧

મનહર છંદ.

દીલછે દયાળુ જેનું રહેમ રાખે દીન પરે,
દયાળુ દામજી ભાઈ પ્રેમથી પીછાણેછે;
ખરી ખાનદાન છાપ દેખાયછે દીલપર,
અનુભવ પામ્યા થકી પુરી પરખાઇછે;
અધિકારી છતાં પણ અભિમાન મળે નહીં,
મળતો સ્વભાવ બધે સજ્જન સયાનછે.
જાહેરખાતામાં ભાગ લીયે શેવા બજાવવા,
હોશ ધરી કરે કાંમ એવી સરસાઈ છે. ૨

દોહરો.

ભાવ ભલો ભુપતિ પરે સજન શાન્ત સ્વભાવ;
છુટી કવિતા સાંભળે અંતરમાં ધરી ભાવ. ૩
પુસ્તક પુર્ણ બનાવવા કરો કવિતા કાંઈ;
અંતરથી એ ઉચર્યા શેઠ દામજી ભાઈ. ૪
એજ પ્રયોજન ગ્રંથનું કરવા ગ્રંથ પ્રકાશ;
આશિશ આપું એહને ઇશ્વર પુરે આશ. ૫
સંભાઈ ગીરિજાપતિ ચરણ નમાવું શીશ;
સદગ્રંથ પ્રગટાવવા સાહ્ય થજો જગદીશ. ૬

સમાપ્ત.

અગાઉથી આશ્રય આપનારના નામની નોંધ.

મહારાજા સરતખ્તસીંહજી જી. સી. એસ. આ ઇ. ઓફ.
લો. મહારાજા સાહેબ સંસ્થાન ભાવનગર.

૫ શેઠ દામજીભાઈ લવજી તા. મારતર
૨૫ રા. રા. હરીસીંહજેસાભાઈ કુંડલા. વે. સા.
૫ પા. જુઠા જીવાભાઈ
૫ પા. ગીરધર જીવાભાઈ
૮ પા. ભગવાંન જીવાભાઈ
૬ પા. ત્રિભોવનદાસ રામજીભાઇ
૨ પા. બાપુભાઈ માધવજી
૫ રા. રા. ડોસાભાઈઝુંઝાભાઈ સીરસ્તેદાર
૫ રા. રા. રામપ્રસાદ મગનલાલ ,,
૪ વકીલ શામજી કેસવજી
૪ વકીલ જગજીવદાસ હેમરાજ
૨ વકીલ પુરશોતમદાસ ગોરીશંકર
૨ વકીલ વિઠલદાસ જીણાભાઈ
૨ વકીલ ભગવાનજી પુરસોતમ
૧ વકીલ શામજી ગોવીંદજી
૨ રા. રા. મગનલાલ રવજી કારકુન
૨ રા. રા. વલભદાસ કરશનજી સીરસ્તેદાર
૨ રા. લાલજી વીરચંદ
૧ રા. ચતુરભુજ નારણ
૧ રા. રા. બલવંતરાવ કારકુન
૧ રા. ગોવિંદજી વિ. શીવલાલ
૧ પટેલ પાનાચંદ પુંજા
૩ રા. રા. ગોરીશંકર જદુરામ
૪ શેઠ વનમાળી બહેચર નગરશેઠ
૫ રા. રા. અનતરાય નાથજી ડાકતર સાહેબ કુંડલા
૫ રા. રા. વલભરામ આત્મારામ ન્યા.
૪ રા. રા. મણીલાલ વિ. મનસુખરામ ન્યા.
૪ રા. રા. દોલતરાય જેશંકર પો. ફો.
૪ દોશી અમરચંદ લક્ષ્મીચંદ
૫ મેતા જુઠા રાઘવજી
૨ દોશી નારણજી પ્રેમજી
૧ દોશી હંસરાજ ભગવાન
૨ રા. રા. નાગજી પ્રાગજી તેજોરર કારકુન કુંડલા
૧ રા. ભવાનીદાસ કરસન
૧ રા. રા. મગનલાલ ગોપાલજી

૨ દોશી ખહેચર ટોકરસી
૧ દોશી માણેકચંદ ભાણજી
૧ દોશી કાળીદાસ ભાણજી
૨ મેતા પ્રભુદાસ પુંજા
૧ મેતા શામજી ત્રિભોવન
૧ મેતા કાળીદાસ ગોવિંદજી
૧ લખાણી આનંદજી લવજી
૧ રા. રા. હરગોવિંદ દુર્લભરામ ભટ કું.સ્પે. આ.તા.
૧ મેતા. જીવરાજ અમરશી
૧ શેઠ ડુંગરશી મુળજી.
૧ ભટ. શામળજી પ્રાગજી
૧ રા.રા. માધવજી રણછોડ
૧ રા. કરશનજી જેશંકર
૧ શેઠ. ખહેચર ઘેલા.
૧ ત્રવાડી ફુલશંકર મહાવજી
૧ પટેલ. વાઘજી લવજી
૧ પા. લક્ષ્મીચંદ જુઠા.
૧ રા. રા, શીવશંકર મોતીરામ ઓબરડી જમા કારકુન
૧ વકીલ અમરશી પ્રાગજી
૧ રા. નરશી તુળશી.
૧ રા. માણેકલાલ સુંદરજી
૧ રા.રા. મણીશંકર ખેહેચરલાલ.
૧ ,, યજ્ઞેશ્વર નારાયણ
૧ ,, વૃજલાલ કાળીદાસ.
૧ રા. હાથીજી રાયશીંહજી
૨ રા.રા. ઉગયાશંકર ધનજી વૈ. કારકુન
૧ વકીલ.ભગવાનજીજસરાજ
૧ રા. માધવજી સુંદરજી

૧ રાજગર ફુના લાધા મુખત્યાર.
૧ રા.રા. પરમાનંદદાસ હરગોવિંદદાસ. કારકુન
૧ રા.રા. કુંજીલાલ દુલભજી કા.
૧ રા.રા. ગંગારામ મોરારજી
૨ રા. રા. બાપાલાલભાઇ. માણેકલાલ. પો. ફો. કા.

તળાજા.

૧ રા. રા. છગન ભાઈચંદ. વહીવટદાર.
૧ ,, દવે હરજીવન જેઠા. સીરસ્તેદાર
૧ રા.રા. નંદલાલ ભગવાન. કારકુન

ઉમરાળા.

૧ રા.રા. મગનલાલ. વિ. દલપતરામ કવિ ન્યા.
૧ રા.રા. હરગોવીંદદાશ ભગવાનદાસ.
૧ વકીલ. હરજીપનભાઇ
૧ વકીલ.ઓધવજીપુરશોતમ
૧ વકીલ.ગોપાળજી નારણજી
૧ મેહેતાનંદલાલ વિ. પરમાનંદદાસ. વકીલ

લીલીયા.

૨ રા.રા. ત્રીભોવન કલ્યાણજી કારકુન પો. ફો.
૧ રા.રા. દામજી જીવન.
૧ રા. રા. આત્મારામ ગોવીંદજી.
૧ રા.રા. વૃજલાલ વિ. બેહેચરલાલ.
૧ રા.રા. બેકસીનેટર મણી-

જગનનાથ
વાણી પોપટ તુળશી.
વકીલ ડાહ્યાલાલ તુળશી
૧ વકીલ.હરજીવન ડાહ્યાભાઈ
૧ રા. નાગરચંદ અમરશી.
૧ રા. રા. શંકરપ્રસાદભાઈ ન્યાયકોર્ટના સીરસ્તેદાર
૧ રા. ગોપાલજી વજેરામ કારકુન
૧ પટેલ જીવા ઉકા.
૧ રા. હકીમભાઈ મામદભાઇ કુંડલા.
૧ રા. તારમામદ વલી
૧ પટેલ ગોપાલ ખોડા
૧ ,, ઠાકારશી લખમણ
૧ ઠકર રહેમાન જીવા
૨ પટેલ નારણ મેઘજી સાવર
૩ રા. રા. લાલજીભાઈ હીરજી શેક્રેટરી
૨ રા. રા. હેનરી છગનલાલ સીરસ્તેદાર કારકુન
૧ બીલખીયા માણેકચંદ પો

૫૮ મ્યુ. પા. ઉમેદવાર
૧ ગાંધી હરગોવિંદ છગનલાલ ,, ,,
૧ કાજી નથુ અભલું ,, સી.
૧ બાપુભા નુરા ,, ,,
૧ ગરાશીયા કનુજી મુળુ ,,
૧ રા. રા. નારણજી શામજી
૫ રા.રા. ત્રિભોવન કરશન તીજોરર કારકુન.
૧ રા.રા. જાદવજી છગન
૧ રા.રા. હરીપ્રસાદ ગોવિંદરામ. મોજણીદાર
૧ ,, ,, પુરૂશોતમ ગીગા કારકુન વૈ.
૧ ,, ,, ગોપાળજી દયાળજી મ્યુ. સે.
૧ ,, ,, નરસીંહપ્રસાદ વિજયશંકર કારકુન વૈ.
૧ ,, ,, ધાંખડા વાલેરા દાના
૧ ,, ,, મોદી.ભાંણજીમુળજી
૧ ,, ,, મોતીભાઇ વકાભાઇ
૧ દોશી. લાધા વશરામ
૧ રા. રા. શેરભાઈ સાલેભાઇ